*Shree Kundkund-Kahan Parmarthik Trust*
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**




૯૦ સર્વજ્ઞ અને ક્રમબદ્ધપર્યાયના સુમેળનો સિંહનાદ કરનાર ૯૦

## પાવનકારી ૯૦ મી જન્મજયંતી પ્રસંગે

## પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પ્રવચનસાગરમાંથી ચૂંટેલાં

## ૯૦ અણમૂલાં અધ્યાત્મરત્નો




૧. ધર્મનું મૂળ સર્વજ્ઞ છે. એ સર્વજ્ઞને ક્યારે માન્યા કહેવાય? –કે દરેક દ્રવ્યની ત્રણ કાળની પર્યાયને સર્વજ્ઞ પ્રત્યક્ષ જાણે છે એ પર્યાય જે સમયે થવાની તે ક્રમબદ્ધ જ જવાની–એમ માને ત્યારે સર્વજ્ઞને તેણે માન્યા કહેવાય.

૨. ઉપાદાન–નિમિત્ત સાથે હોવા છતાં ઉપાદાનથી જ કાર્ય થાય; નિમિત્ત તો ધર્માસ્તિકાયવત્ અકિંચિત્કર છે.

૩. નિશ્ચય–વ્યવહાર સાથે હોવા છતાં નિશ્ચય મુક્તિનું કારણ છે અને વ્યવહાર બંધનું કારણ છે.

૪. દરેક દ્રવ્યોની પર્યાય ક્રમબદ્ધ જ છે. એ ક્રમબદ્ધના નિર્ણયમાં અકર્તાપણાનો–જ્ઞાતાપણાનો અનંતો પુરુષાર્થ છે.

૫. જ્ઞાન જ્ઞેયાકારે પરિણમતું હોવા છતાં જ્ઞાનનું કારણ જ્ઞેય નથી, જ્ઞેયનું કારણ જ્ઞાન નથી, બન્ને સ્વતંત્ર છે.

૬. પરજીવની રક્ષાનો ભાવ તે રાગ છે, રાગથી સ્વની હિંસા થાય છે. રાગનું ઉત્પન્ન ન થવું તે જ સ્વ–દયા–સાચી અહિંસા છે.

( અનુસંધાન પૃષ્ઠ ૪ પર )



# મંગલ ગુરુ-જન્મ વધામણાં



અહો ! વૈશાખ સુદ બીજ એટલે પરમોપકારી પૂજ્ય ગુરુદેવની જન્મજયંતીનો પાવનકારી દિવસ. ભારતભરમાં તથા વિદેશમાં વસતાં સમસ્ત મુમુક્ષુઓ આજનો આ મંગલ દિવસ અનેકવિધ ભક્તિભાવે આનંદ પૂર્વક ઊજવે છે. અહો ! આપે ચારે પડખેથી આગમોના સૂક્ષ્મ હાર્દને પ્રકાશી, મુક્તિમાર્ગ અત્યંત સ્પષ્ટ દર્શાવીને અમ પામરજીવોને આત્મકલ્યાણના પંથે દોર્યા છે. જગતના વૈભવ-વિલાસની પામરતામાં રાચતા અમ પામર જીવોને 'ભગવાન-આત્મા' નું સંબોધન કરીને નિજ પ્રભુતાનું ભાન કરાવ્યું છે. સર્વજ્ઞપણું અને ક્રમબદ્ધ પર્યાય, નિશ્ચય અને વ્યવહાર તથા ઉપાદાન અને નિમિત્ત-એ બધાનો યથાર્થ સુમેળ સમજાવીને તથા પોતાના ષટ્કારકોથી પરિણમતી પર્યાયની સ્વતંત્રતાના શંખનાદ વડે, એક માત્ર વીતરાગતા જ જેનું તાત્પર્ય છે એવા વીતરાગી ઉપદેશ દ્વારા આપશ્રીએ અમ જીવોને સ્વભાવ સન્મુખ થવાની પ્રેરણા આપી છે.

અહો ગુરુદેવ ! આપના અસીમ ઉપકારનું શું કહીએ ? સંસારસમુદ્રમાં ડૂબતાં અમ જીવોનો ઉદ્ધાર કરીને આપે જે અપાર ઉપકાર કર્યો છે તેનું વાણી દ્વારા વર્ણન કરવા અમે અસમર્થ છીએ. તેથી આજના આ મંગલ જન્મ-વધામણાંના દિવસે, અમ જીવન-આધાર, જીવન-શિલ્પી ગુરુદેવ જયવંત વર્તો એવી ભાવના સાથે અમે સમસ્ત મુમુક્ષુઓ આપશ્રીને ભક્તિભાવે અભિનંદિયે છીએ, અભિવંદિયે છીએ.

**-સકલ મુમુક્ષુ સમાજ**

ક્રમબદ્ધનો સિંહનાદ કરનાર ગુરુદેવ જયવંત વર્તો. ૧

પદાર્થની સ્વાતંત્ર્યતાના પ્રકાશક ગુરુદેવ જયવંત વર્તો.



## સોનગઢના સંતનો...



૭. પરદ્રવ્યનું સ્વામીપણું-કર્તાપણું તે પરદ્રવ્યની સાથે એકતાબુદ્ધિરૂપ મિથ્યાત્વ છે. એ મિથ્યાત્વ સાત વ્યસન કરતાં પર મોટું પાપ છે.

૮. જાગતો જીવ ઊભો છે તે ક્યાં જાય? જરૂર પ્રાપ્ત થાય જ એટલે કે જ્ઞાયક ધ્રુવ છે તે ક્યાં જાય? તેની સામું જોવે તો જરૂર પ્રાપ્ત થાય જ.

૯. જેને યથાર્થ દ્રવ્યદૃષ્ટિ પ્રગટ થાય તેને આત્મા એકલો જ્ઞાયકસ્વરૂપ જ ભાસે છે, દેહાદિ કોઈ પણ વસ્તુ મારાપણે ભાસતી જ નથી.

૧૦. ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ પ્રભુ છે, તેને એક સમયના રાગના સંબંધથી વિસંવાદ ખડો થાય છે.

૧૧. કેવળજ્ઞાન પ્રગટ કરવું એ જીવનો સ્વભાવ છે, એ મારાથી ન થઈ શકે તેમ ન માન! અઘરું પડે છે તેમ ન માન!

૧૨. જે દ્રવ્યની જે પર્યાય જે સમયે થવાની છે તે જ થાય છે—આ સિદ્ધાંત વસ્તુની સ્વતંત્રતાને બતાવે છે.

૧૩. જ્ઞાન, સુખ, શાંતિ આદિ બધુંય આત્મામાં ભર્યું છે, બહારમાં એ કાંઈ નથી, માટે આત્મામાં જ શોધ.

૧૪. એક આત્માને જાણ્યા વિના બહારનું બધુંય રણમાં પોક મૂકવા સમાન છે.

૧૫. ક્રમબદ્ધનો યથાર્થ નિર્ણય, અકર્તાસ્વભાવ ઉપર દૃષ્ટિ જાય ત્યારે થાય છે, તેમાં સ્વભાવનો અનંત પુરુષાર્થ આવે છે.

ઉપાદાન-શક્તિના દ્યોતક ગુરુદેવ જયચંદ પત્રો. ૩

આત્મસાધનાનો માર્ગ પ્રકાશક ગુરુદેવ જયચંદ પત્રો. ૪



## .... સિંહનાદઃ ક્રમબદ્ધ



૧૬. ચક્ષુની માફક આત્મા માત્ર જાણે-દેખે જ છે; પરને તો કરતો નથી. રાગાદિને તો કરતો નથી, પણ સંવર-નિર્જરાને મોક્ષના પરિણામને પણ કરતો નથી. આહાહા! જે થાય તેને માત્ર જાણનાર... જાણનાર ને જાણનાર જ આત્મા છે.

૧૭. એક દ્રવ્યને બીજા દ્રવ્ય વચ્ચે વજ્રની દિવાલ પડી છે એટલે કે એક દ્રવ્ય બીજા દ્રવ્યને સ્પર્શતું-આલિંગન કરતું નથી, તો એક દ્રવ્ય બીજા દ્રવ્યનું શું કરી શકે?

૧૮. જેને પ્રગટ પર્યાયની સ્વતંત્રતા બેસતી નથી તેને અપ્રગટ દ્રવ્યની સ્વતંત્રતા બેસે નહિ.

૧૯. આત્મા શરીરને તો અડતો નથી પણ શરીર-પગ જમીનને અડતા નથી. અરે! એક પરમાણુ બીજા પરમાણુના આધારે રહ્યો નથી, પોત-પોતાના આધારે દરેક સ્વતંત્ર ટકી રહ્યા છે.

૨૦. અનંતાનંત પ્રદેશી આકાશના પ્રદેશો કરતાં પણ અનંતગુણા ગુણો દરેક જીવમાં ને જડમાં રહેલા છે.

૨૧. શુભરાગ ને અશુભરાગ-બન્ને દુઃખરૂપ ને બંધનરૂપ જ છે, તેમાં જે ભેદ માને છે તે મિથ્યાદૃષ્ટિ ઘોર સંસારમાં રખડે છે.

૨૨. તત્ત્વજ્ઞાનનો આધારક તે મોક્ષ, વિરાધક તે નિગોદ; ચાર ગતિ એ તો શુભાશુભ રાગના ફળરૂપ ધર્મશાળા છે.

૨૩. દુઃખરૂપ રાગથી-શુભભાવથી આત્મલાભ માનવો એ તો આનંદ સ્વરૂપ ભગવાન આત્માનો મહા અનાદર છે.



## કાનજીસ્વામી...



૨૪. જેને ચાર ગતિના પરિભ્રમણના દુઃખોનો ભય લાગે તે સુખ સ્વરૂપી આત્માનો નિર્ણય કર્યા વિના રહે જ નહિ.

૨૫. ઓશિયાળા જીવને એમ કહે કે પરથી તને લાભ થશે, ગુરુથી તને લાભ થશે, ભગવાનની ભક્તિથી તને લાભ થશે, તો એ વાત તેને બેસી જાય પણ પોતે પ્રભુત્ત્વ, વિભુત્ત્વ આદિ અનંત શક્તિઓથી ભરેલો ભગવાન છે.—એ બેસવું કઠણ પડે!

૨૬. ચારિત્રનો દોષ સમ્યગ્દર્શનને નુકશાન કરી શકે નહિ અને કષાયની મંદતા ગમે તેટલી કરે તોપણ તે સમ્યગ્દર્શનને પ્રગટ કરી શકે નહિ.

૨૭. દયા-દાન-વ્રત-તપ-ભક્તિ-પૂજા આદિની રાગપરિણતિ તે જૈનધર્મ નથી, વીતરાગ પરિણતિ તે જૈનધર્મ છે અને તે વીતરાગપરિણતિ ત્રિકાળી દ્રવ્યના આશ્રયે જ પ્રગટ થાય છે.

૨૮. જેમાંથી કેવળજ્ઞાન પ્રગટ થવાનું છે એવા શુદ્ધાત્માને જેણે સ્વાનુભવથી જાણ્યો છે તેને અલ્પકાળમાં ચોક્કસ કેવળજ્ઞાન પ્રગટ થવાનું જ છે. તેથી પરમાર્થે તેને શ્રુતકેવળી કહે છે.

૨૯. કેવળી ભગવાન લોકાલોકના જ્ઞાતાદૃષ્ટા છે તેમ સમ્યગ્દૃષ્ટિ પણ જ્ઞાતાદૃષ્ટા જ છે, તેને રાગ આવે છે પણ તેના જ્ઞાતા જ છે, કર્તા નથી.

૩૦. અરે ચૈતન્ય પ્રભુ! તારી શક્તિના એક ટંકારે તું કેવળજ્ઞાન લે-એવી તારી તાકાત! -ને તું કહે કે મને મારું સ્વરૂપ ન સમજાય-એ કહેતા તને શરમ નથી આવતી?

જીવમાત્રને ભગવાન ભાળતા ગુરુદેવ જયવંત વર્તો. ૭

જીવમાત્રને ભગવાન કહી બોલાવતા ગુરુદેવ જયવંત વર્તો.



## .....૯૦ મી જન્મજયંતી



૩૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ જ કરી શકે નહિ એવી વસ્તુની સ્વયંસિદ્ધ મર્યાદા છે.

૩૧. પ્રથમમાં પ્રથમ મિથ્યાત્વનું પાપ છૂટે છે, પછી જ અવિરતિ આદિના પાપ છૂટે છે.

૩૩. આત્મપરિણામ તે અમૃતરૂપ-સુખરૂપ છે, શુભાશુભ પરિણામ તે દુઃખરૂપ છે-ઝેરરૂપ છે.

૩૪. દુનિયાને ભૂલીને તારી અતીન્દ્રિય ચૈતન્યગૂફામાં ઊતર, તો ત્યાં એકલું સુખ જ ભર્યું છે. તારું સ્વરૂપ સુખનું જ ધામ છે.

૩૫. જ્ઞાનના અચિંત્ય મહિમાનું ચિંતન સંસારના સર્વ ક્લેશને ભૂલાવી દે છે. અહો ! આ વાત સમજીને પોતે પોતાના અંતરમાં ઊતરવા જેવું છે. પોતે પોતાનું હિત કરવા માટે આ વાત છે.

૩૬. શરીરાદિ પરદ્રવ્યની ક્રિયાથી બંધ-મોક્ષ થતા નથી; શુભાશુભ રાગથી બંધ થાય છે; આત્માના શુદ્ધભાવથી જ ધર્મ તથા મોક્ષ થાય છે.

૩૭. પરમાંથી સુખ લેવાની બુદ્ધિવાળા દેવ સ્વર્ગમાં પણ દુઃખી છે અને પોતામાંથી જ સુખ લેવાની બુદ્ધિવાળો નારકી નરકમાં પણ સુખી છે.

૩૮. ચોથા ગુણસ્થાને સમ્યગ્દર્શનમાં આત્માના અતીન્દ્રિય આનંદની સ્વાનુભૂતિ થાય છે. સ્વાનુભૂતિથી જ સાધકદશાની શરૂઆત થાય છે.

ભગવાનઆત્માની પ્રતીતિ કરાવતા ગુરુદેવ જયવંત વર્તો.

વિદેહના ફતેસિંહકુમાર જયવંત વર્તો. ૧૦



## ક્રમબદ્ધનું તાત્પર્ય...



૩૯. નિજ સ્વરૂપનો ઉપયોગ તે સુખ છે, અને તે આબાલગોપાળ સૌ કરી શકે છે. અને એ વિના શાંતિનો બીજો કોઈ ઉપાય નથી.

૪૦. હે ભવ્ય ! તારા ચૈતન્યસ્વભાવની આશાતના ન થાય અને આરાધના થાય તેમ કર.

૪૧. જેને પુણ્યની રુચિ છે તેને જડની રુચિ છે; તેને આત્માના ધર્મની રુચિ નથી.

૪૨. હું એક અખંડ જ્ઞાયકમૂર્તિ છું, વિકલ્પનો એક અંશ પણ મારો નથી—એવો સ્વાશ્રયભાવ રહે તે મુક્તિનું કારણ છે.

૪૩. આત્મા 'જ્ઞ' સ્વભાવી હોવાથી રાગથી માંડીને જગત આખાનો આત્મા જ્ઞાયક જ છે, કર્તા નથી.

૪૪. મિથ્યાત્વ એ સૌથી મોટામાં મોટું પાપ છે, તીર્થંકર નામકર્મ એ સૌથી મોટામાં મોટું પુણ્ય છે અને સમ્યગ્દર્શન–આત્મદર્શન એ સૌથી પહેલાંમાં પહેલો ધર્મ છે. આત્મદર્શનમાં એકાકાર થતાં જીવ મોક્ષ પામે છે.

૪૫. જેમ નેત્ર વિનાનો માનવી શોભતો નથી તેમ સ્વાનુભૂતિ વિનાનો આત્મા શોભતો નથી. સ્વાનુભૂતિ વડે આત્મા જિનેન્દ્રનો લઘુનંદન થાય છે.

૪૬. સમ્યગ્દર્શન ચારે ગતિમાં પ્રાપ્ત થઈ શકે છે. દેવ અને નારકી પોતાની યોગ્યતાથી ચોથા ગુણસ્થાનથી આગળ વધી શકતા નથી, સ્ત્રી તથા તિર્યંચ પોતાની પર્યાયની યોગ્યતાથી પંચમગુણસ્થાન સુધી જ જઈ શકે છે.

ભાવિના સૂર્યકીર્તિ ભગવાન જયવંત વર્તો. ૧૧

જ્ઞાનચક્ષુના દાતાર ગુરુદેવ જયવંત વર્તો. ૧૨



## .....સર્વજ્ઞ સ્વભાવની સિદ્ધિ



૪૭. મનુષ્યગતિમાં પુરુષ જ નગ્ન-ભાવલિંગી મુનિ થઈ શકે છે ને પુરુષ જ મોક્ષ પામી શકે છે.

૪૮. સમ્યગ્દર્શન પામનાર જીવને સમ્યગ્દષ્ટિ જીવ જ અથવા તો પૂર્વના સંસ્કાર નિમિત્ત હોઈ શકે છે.

૪૯. અતીન્દ્રિય આનંદનો એકદમ ઊભરો આવવો—આનંદનું પ્રચુર સ્વસંવેદન થવું તે મુનિદશા છે, બાહ્ય નગ્નપણું કે પંચમહાવ્રતાદિ તે સાચું મુનિપણું નથી.

૫૦. સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું એટલે ભવનો અંત આવી ગયો.

૫૧. મિથ્યાદષ્ટિ દ્રવ્યલિંગ ધારે છતાં છ કાયનો ઘાતક કહ્યો છે, પાપી કહ્યો છે.

૫૨. ગૃહસ્થાશ્રમમાં રહેલ સમ્યગ્દષ્ટિને પુણ્યજીવ કહ્યો છે.

૫૩. સમ્યગ્દષ્ટિને કેવળજ્ઞાન અને મુક્તિ નજરમાં તરવરે છે.

૫૪. સમ્યગ્દષ્ટિ સંસારમાં રહ્યા છતાં મુક્ત જ છે.

૫૫. સમ્યગ્દર્શન એ અદ્‌ભૂતાદ્‌ભૂત રત્ન છે.

૫૬. સાતમી નરકની ભયંકર પીડાવાળો નારકી પણ સમ્યગ્દર્શનરૂપી પરમ રત્નને પ્રાપ્ત કરી લે છે.

૫૭. સમ્યગ્દષ્ટિને મુનિદશાની ભાવના અને મનોરથ હોય છે.


૫૮. સમ્યગ્દષ્ટિને સંસારમાં—રાજવૈભવમાં ક્યાંય ચેન પડતું નથી, પરદેશ જેવું અણગમારૂપ લાગે છે.

સમ્યગ્દર્શનની લ્હાણી કરનાર ગુરુદેવ જયવંત વર્તો. ૧૩

આત્મસંભવનીનું દાન કરનાર ગુરુદેવ જયવંત વર્તો.



## જિનવચનનું તાત્પર્ય...



૫૯. સમ્યગ્દૃષ્ટિ મુક્તિરૂપ સ્વદેશ –સ્વધામમાં જવા માટે તલસે છે.

૬૦. સમ્યગ્દર્શન વિનાનું અગિયાર અંગનું જ્ઞાન અને પંચમહાવ્રતાદિ આચરણ અનિષ્ટફળ દાતાર છે.

૬૧. સમ્યગ્દર્શન વિનાના અગિયાર અંગધારી દ્રવ્યલિંગીને શાસ્ત્રમાં મૂઢ કહ્યો છે.

૬૨. સમ્યગ્દર્શન સહિતનો દેડકો હો કે નારકી હો, સ્વાનુભવ સંપન્ન હોવાથી તેને શ્રુતકેવળી સમાન કહ્યો છે.

૬૩. નિશ્ચયના વિષયરૂપ શુદ્ધાત્માને ભૂલીને જે જીવ વ્યવહારનયના વિષયરૂપ અશુદ્ધતાને અપનાવે છે તે જીવ પરદ્રવ્યમાં જ વિમોહિત છે.

૬૪. સત્ સ્વરૂપનું સત્ય નિરૂપણ પણ જેને સાંભળવા મળે છે તે મહા ભાગ્યશાળી છે. સત્ શ્રવણ-મનન વિનાનું જીવન ઢોર જેવું છે.

૬૫. જૈનધર્મમાં ભગવાન મહાવીરે સ્વ અને પરની ભિન્નતાનાં મૂળ મંત્રો આપ્યાં છે. સ્વ અને પરની ભિન્નતા ભાસવી તે જ આ મનુષ્યજીવનની સાર્થકતા છે.

૬૬. જૈનદર્શન તે વેષ કે સંપ્રદાય નથી. પ્રત્યેક જીવની શક્તિ પરમાત્મસ્વરૂપ છે-એમ બતાવનાર ધર્મને જૈનદર્શન કહો, વિશ્વદર્શન કહો, વસ્તુદર્શન કહો કે આત્મદર્શન કહો-બધું એક છે.

૬૭. આત્મસ્વરૂપમાં વસવું તે સાચો ઉપવાસ છે, સમ્યગ્દર્શન પછી જ સાચો ઉપવાસ હોય છે.

ભક્તોના સ્વર્ગ-મોક્ષ દાતાર ગુરુદેવ જયવંત વર્તો. ૧૫

શુદ્ધાત્મામાં કેલિ કરનાર ગુરુદેવ જયવંત વર્તો. ૧૬



## ...વીતરાગતા



૬૮. સ્વરૂપમાં સમભાવે રહેવું-સ્થિર થવું -એકાગ્ર થવું તે સાચી સામાયિક છે. સમ્યગ્દર્શન પછી જ સાચી સામાયિક હોય છે.

૬૯. સ્વરૂપમાં પ્રતપન-વિશેષ પ્રકારથી એકાગ્રતા થવી તે સાચું તપ છે. સમ્યગ્દર્શન પછી જ સાચું તપ હોય છે.

૭૦. કોટી કોટી સૂર્યના પ્રકાશ કરતાં પણ અનંત ગુણો પ્રકાશ જ્ઞાનભાનુનો છે. કોટી કોટી ચંદ્રની શીતળતા કરતાં પણ અનંત ગુણી શીતળતા ચૈતન્યચંદ્રની છે. કોટી કોટી સાગરની ગંભીરતા કરતાં પણ અનંત ગુણી ગંભીરતા આત્મામાં છે. આકાશના અનંતાનંત પ્રદેશો કરતાં પણ અનંત ગુણા ગુણો આત્મામાં છે.

૭૧. વસ્ત્ર રાખવાના રાગની લાગણી છૂટયા વિના સાચું મુનિપણું પ્રગટે નહિ.

૭૨. સ્વદ્રવ્યથી જ લાભ થવાનું કહે તે કેવળીની વાણી-સત્શાસ્ત્રો છે. પરદ્રવ્યથી લાભ થવાનું મનાવે તે કેવળીની વાણી-સત્શાસ્ત્રો નથી.

૭૩. પોતાના વિકારી ભાવથી પોતાને નુકશાન માને-મનાવે તે સમ્યગ્દ્રષ્ટિ; કર્મ આદિ પરદ્રવ્યથી પોતાને નુકશાન માને-મનાવે તે મિથ્યાદ્રષ્ટિ.

૭૪. આત્માની રુચિવાળાને મુક્તિની પ્રીતિ છે, પુણ્યની રુચિવાળાને સંસારની પ્રીતિ છે.

૭૫. ઉપાદાનની દ્રષ્ટિવાળો સંસારના બંધનથી મુક્ત થાય છે, નિમિત્તની દ્રષ્ટિવાળો સંસારના બંધનથી બંધાય છે.

જૈનજગતના ધર્મ-ક્રાંતિકાર ગુરુદેવ જયવંત વર્તો. ૧૭

સ્વાતંત્ર્યતાના સંદેશવાહક ગુરુદેવ જયવંત વર્તો. ૧૮



## આત્મધર્મ...



૭૬. સ્વભાવદૃષ્ટિવંત શૂરવીર છે,
સંયોગદૃષ્ટિવંત કાયર છે.

૭૭. સ્વદ્રવ્યનો સ્વામી થનાર શેઠ–શાહુકાર છે,
પરદ્રવ્યનું સ્વામીપણું માનનાર ચોર છે.

૭૮. દેહરૂપી દેવળમાં જિનસ્વરૂપ આત્મા બિરાજમાન છે. તેનો વિશ્વાસ કરતાં પર્યાયમાં પ્રગટ જિન થાય છે.

૭૯. એક દ્રવ્ય બીજા દ્રવ્યને સુખી–દુઃખી કરી શકતો નથી, લાભ–નુકશાન કરી શકે નહિ–એમ બે દ્રવ્યના ભેદ–જ્ઞાનથી –સ્વપરના ભેદજ્ઞાનથી વીતરાગતાને સર્વજ્ઞતા પ્રગટ થાય છે.

૮૦. કષાયની મંદતાને ભલો માનનાર મિથ્યાત્વના મહાન પાપને બાંધે છે.

૮૧. મિથ્યાદૃષ્ટિના મંદ કષાયના ગર્ભમાં નરક –નિગોદના અનંતા ભવનું બીજ પડયું છે.

૮૨. પરજીવ મને મારી શકે અથવા જીવાડી શકે કે સુખી–દુઃખી કરી શકે એવી માન્યતા તે મિથ્યાત્વ છે.

૮૩. દરેક આત્મા પોતાના જ્ઞાન, આનંદ, પ્રભુત્વ, વિભુત્વ આદિ અનંત શક્તિઓથી શોભાયમાન હોવાથી સ્વયં ઈશ્વર છે.

૮૪. જડ પણ પોતાની અનંતી શક્તિથી સંપન્ન સ્વાધીન હોવાથી જડેશ્વર છે.

૮૫. પરજીવને મારી શકું અથવા જીવાડી શકું કે સુખી–દુઃખી કરી શકું એવી માન્યતા તે મિથ્યાત્વ છે.

જ્ઞાનાનંદની જ્યોત પ્રકાશક ગુરુદેવ જયવંત વર્તો. ૧૯

જિનશાસનમાં પ્રીતિ જગાડનાર ગુરુદેવ જયવંત વર્તો.



## ....જન્મજયંતી અંક



૮૬. આહાહા! સમ્યગ્દર્શન તે શું ચીજ છે! લોકોને તેની ખબર નથી. અરે! એક સમયનું સમ્યગ્દર્શન ભવનો અંત લાવી દે એવું અદ્‌ભુત સામર્થ્ય સમ્યગ્દર્શનમાં છે.

૮૭. આનંદમૂર્તિ ભગવાન આત્મા દેહને કે કર્મને તો અડતો નથી પણ પરમાર્થે રાગને પણ અડતો નથી.

૮૮. તીર્થંકર, ચક્રવર્તી ને બળદેવ જેવા પુણ્યના ધણી કે જેની દેવો સેવા કરતા ને કોઈ વાતની કમી ન હતી, લોકો જેને ભગવાન સમાન માનતા એવા પુણ્ય ને વૈભવો હોવા છતાં 'મારે એ કાંઈ જોઈતું નથી' –એમ સર્વની ઉપેક્ષા કરીને એક આત્માને સાધવા વન-જંગલમાં ચાલી નીકળ્યા! આહાહા! એમને એ આત્મા કેવો આશ્ચર્યકારી ને વિસ્મયકારી લાગ્યો હશે!

૮૯. જેને આત્મા ઉપાદેય છે તેને રાગ હેય છે; જેને રાગ ઉપાદેય છે તેને આત્મા હેય છે.

૯૦. ચક્રવર્તીની સંપદા કરતાં પણ જેનો એક સમય અતિ કિંમતી છે એવો આ અતિ દુર્લભ મનુષ્ય ભવ અનંતા ભવ-ભ્રમણના અભાવ માટેનો ભવ છે.


સમયસારના પરમ પાવન ગુરુદેવ જયવંત વર્તો ૨૨.







# ધર્મનું મૂળ સર્વજ્ઞ

જિનશાસનનો વૈભવ દેખાડનાર ગુરુદેવ જયવંત વર્તો.

સ્વાતંત્ર્યતાનો બળવો ગજાવનાર ગુરુદેવ જયવંત વર્તો.

ભૂતકાળની ને ભવિષ્યની પર્યાય અવિદ્યમાન હોવા છતાં ભગવાન કેવળજ્ઞાન વડે તેને વર્તમાનવત્ પ્રત્યક્ષ જાણે છે માટે વિદ્યમાન છે એમ અહીં પ્રવચનસાર ગાથા ૩૮ માં સિદ્ધ કરે છે. ભૂતકાળ ને ભવિષ્યકાળની પર્યાય પર્યાય અપેક્ષાએ અવિદ્યમાન છે છતાં કેવળજ્ઞાનનો એવો સ્વભાવ છે કે એ પર્યાય નથી એને છે એમ જાણે છે. આવા સર્વજ્ઞ સ્વભાવનો નિર્ણય કરે તેને આત્મસ્વભાવની પ્રતીતિ થયા વિના ન રહે.

આચાર્યદેવ અહીં કહે છે કે ગયા કાળની ને ભાવિની પર્યાય વિદ્યમાન નથી છતાં કોઈ અપેક્ષાએ છે એમ કહીયે છીએ. જે પર્યાયો અવિદ્યમાન છે તેને જ્ઞાન અપેક્ષાએ એટલે કે કેવળજ્ઞાનમાં પ્રત્યક્ષવત્ જાણે છે એ અપેક્ષાએ વિદ્યમાન છે એમ કહીયે છીએ. આહાહા! આ તો ભગવાન પરમેશ્વરના મહામંત્રો છે! કોઈનું કરી દઉં કે મારી પર્યાયને પણ હું ફેરવી દઉં એવા અભિમાનના મિથ્યાત્વના ઝેર ઊતારવાના આ મંત્રો છે.

**જે પર્યાયો અણજાત છે, વળી જન્મીને પ્રવિનષ્ટ જે,**
**તે સૌ અસદ્ભૂત પર્યાયો પણ જ્ઞાનમાં પ્રત્યક્ષ છે. ૩૮.**

જે પર્યાય થઈ ગઈ એને ભગવાન જાણે-એમ તો માને અને એને ક્રમબદ્ધ પણ માને, પણ ભવિષ્યની જે પર્યાય થવાની છે તે ક્રમબદ્ધ થવાની છે ને તેને સર્વજ્ઞ જ્ઞાનમાં પ્રત્યક્ષ જાણે





## ....સર્વજ્ઞ

છે—એ વાત બેસવી લોકોને કઠણ લાગે છે! પણ જ્ઞાનનો એવો અલૌકિક સ્વભાવ છે. તેથી કહે છે કે ભૂતકાળ ને ભવિષ્યકાળની જે પર્યાયો વર્તમાનમાં વિદ્યમાન નથી તે અપેક્ષાએ અવિદ્યમાન છે પણ જ્ઞાનમા તો તેઓ વર્તમાનવત્ પ્રત્યક્ષ જણાય છે માટે તેઓ વિદ્યમાન છે. જ્ઞાનનો કોઈ એવો જ અલૌકિક સ્વભાવ છે કે જે પર્યાયો વર્તમાનમાં નહિ હોવા છતાં તેને વર્તમાનવત્ પ્રત્યક્ષ જાણે છે.

જે પર્યાયો હજુ ઉત્પન્ન થઈ નથી, જે પર્યાયો ઉત્પન્ન થઈને દ્રવ્યમાં વિલય થઈ ગઈ છે તે પર્યાયો ખરેખર અવિદ્યમાન છે તેમ છતાં તેઓ કેવળજ્ઞાનમાં નિયત છે. કેવળજ્ઞાનની પર્યાયમાં તો વર્તમાન પર્યાયની જેમ ભૂતકાળ ને ભવિકાળની પર્યાયો પ્રત્યક્ષ વર્તમાનવત્ દેખાય છે. જડ ને ચૈતન્યની ભૂતકાળની દશાઓ ને ભવિષ્યની દશાઓ—છએ દ્રવ્યની દશાઓ જ્ઞાનની અપેક્ષાએ વિદ્યમાન કહીયે છીએ.

કેવળજ્ઞાનનો કોઈ એવો સ્વભાવ છે કે ભૂત–ભવિષ્યની પર્યાયો અવિદ્યમાન છે છતાં જ્ઞાનમાં તેઓ ભૂતાર્થ છે. પોતાની પણ જે ભવિષ્યની અનંતી પર્યાયો થઈ નથી તેને પણ કેવળજ્ઞાન પ્રત્યક્ષ છે—એમ જાણે છે. જ્ઞાનની અપેક્ષાએ ભૂતાર્થ છે. કેવળજ્ઞાનની પર્યાય ભૂતકાળ ને ભાવિકાળની અવિદ્યમાન પર્યાયને જ્ઞાનમાં પ્રત્યક્ષ કરે છે માટે વ્યવહારે તેઓ ભૂતાર્થ છે. ભૂતકાળ ને ભવિષ્યકાળની પર્યાયો નથી માટે તેઓ જ્ઞાનમાં વ્યવહારે ભૂતાર્થ છે એમ નથી, પણ જ્ઞાનમાં તો તેઓ નિયત છે, નિશ્ચયથી પ્રત્યક્ષ છે.



# ક્રમબદ્ધનો સ્વીકાર...



વિદ્યમાન નથી છતાં તેઓ જ્ઞાનમાં સીધા જણાય છે, છે–એમ સીધા જ્ઞાનમાં જણાય છે. પ્રભુ ! તારા ચૈતન્યસ્વભાવની પર્યાયનો સ્વભાવ તો જો ! વર્તમાનમાં જે પર્યાય થાય તેને જાણે છે એમ નહિ પણ ભવિષ્યની પર્યાયને વર્તમાનમાં પ્રત્યક્ષ જાણે છે ! આહાહા ! આવા કેવળજ્ઞાનની પર્યાયનો નિર્ણય કરવા જાય તેનું લક્ષ દ્રવ્યસ્વભાવ તરફ જ જાય, ત્યારે જે તેનો નિર્ણય થાય.

અનંત કાળ પછી જે પર્યાય થશે તેનું જ્ઞાન કેવળજ્ઞાનમાં સીધું થાય છે. આહાહા ! વિચારકોને વિચાર ને મંથન કરવાની આ વાત છે, એમ ને એમ માની લે એ કાંઈ ચીજ નથી. જ્ઞાનનો એવો જ કોઈ અચિંત્ય સ્વભાવ છે કે જે પર્યાય થઈ ગઈ ને જે થશે તેને સીધું જાણી લે છે. આ વર્તમાન છે માટે ભવિષ્ય હશે ને વર્તમાન છે માટે ભૂત હતું—એમ નહિ, પણ તેને સીધું જાણી લે છે. આહાહા ! ધન્ય ભાગ કે વીતરાગની આવી વાણી મળી !

જે સમયે જે ક્ષેત્રે જે કાળે જે નિમિત્તમાં જેની જે પર્યાય થવાની છે તે જ થશે—એ પ્રકારે માને તે સમ્યગ્દૃષ્ટિ છે–એમ સ્વામીકાર્તિકેય અનુપ્રેક્ષામાં ગાથા–૩૨૧, ૩૨૨ માં કહ્યું છે. આ ચર્ચવા જેવું છે, ભલે બેસતા વાર લાગે પણ ચર્ચવા જેવું છે. ભાઈ ! આ તો વસ્તુનો આવો સ્વભાવ છે ને ભગવાને એ કહ્યો છે.

જ્ઞાનનો કોઈ એવો જ સ્વભાવ છે કે ભૂતકાળ ને ભાવિકાળની અવિદ્યમાન પર્યાયો જાણે વિદ્યમાન હોય એમ પ્રત્યક્ષ



## ....અકર્તાસ્વભાવની દૃષ્ટિ



જાણે છે. આવું કેવળજ્ઞાન! પર્યાયની આવી તાકાત! –તો એના ગુણનું શું કહેવું? —તો એ ગુણોના પિંડરૂપ દ્રવ્યનું તો શું કહેવું? —એવા દ્રવ્યની દૃષ્ટિ કરતાં સમ્યગ્દર્શન થાય.

અવિદ્યમાનને પણ પ્રત્યક્ષ જાણે! નથી તેને પ્રત્યક્ષ જાણે છે કે આ રહી! –એ જ્ઞાનશક્તિ શું ચીજ છે બાપુ! દ્રવ્યમાં ભૂતકાળ ને ભવિષ્યકાળની શક્તિભૂત યોગ્યતા છે તેને જાણે છે એમ નહિ હો! ભવિષ્યની પર્યાય જે કાળે જે થવાની છે તેને 'આ રહી'—એમ પ્રત્યક્ષ જાણે છે. દ્રવ્યમાં ભૂતકાળ ને ભવિષ્યકાળની યોગ્યતા પડી છે માટે દ્રવ્યને જાણતાં તેને જાણે છે એમ નહિ, પણ ભૂતકાળને ભવિષ્યકાળની પર્યાયને વર્તમાનવત્ જાણે છે. આહાહા! અલૌકિક વાત છે!

ભૂત–ભાવિના પર્યાયો ત્યાં ભલે નથી પણ જ્ઞાન પ્રત્યે તો નિયત છે. જ્ઞાનમાં તેઓ નિયત હોવાથી ભૂત–ભાવિ જ્ઞાનમાં પ્રત્યક્ષ વર્તતા થકા વિદ્યમાન જ છે. જેમ પથ્થરના સ્થંભમાં કોતરાયેલાં બાહુબલિ આદિ તથા ભવિષ્યના તીર્થંકર શ્રેણિકરાજા આદિ ચીતર્યા હોય તો એક સમયમાં પ્રત્યક્ષ જણાય છે, તેમ જેટલા અનંતા જ્ઞેયો છે તેની ભૂત–ભાવિની પર્યાયો અકંપપણે જ્ઞાનમાં અર્પાય છે —જ્ઞેયપણે જણાય છે.

ભવિષ્યનું નક્કી ક્યાં છે કે કોની કઈ પર્યાય કેમ થશે?

—કે નક્કી જ છે. શ્રેણિકરાજા ભવિષ્યમાં તીર્થંકર થશે એ નિશ્ચિત છે, નિયત જ છે. જે દ્રવ્યની જે સમયે જે પર્યાય થવાની તે થવાની જ, ઇન્દ્ર નરેન્દ્ર આદિ તેમાં ફેરફાર કરી શકે નહિ.



# તુજ પાદપંકજ જ્યાં થયાં,...




ત્રણકાળ ત્રણલોકની જે પર્યાયો છે તે બધી જ્ઞેય તરીકે કેવળજ્ઞાનની પર્યાયમાં અર્પાઈ જાય છે. જેટલા જ્ઞેયો છે તેની ભૂત-વર્તમાન-ભાવિની બધી પર્યાયો એક સમયમાં જ્ઞાનમાં અકંપપણે અર્પાઈ જાય છે—જણાય જાય છે. ગયા કાળની ને ભવિષ્યની ને વર્તમાનની બધી પર્યાયો જાણે સ્થિર હોય એમ અકંપપણે જ્ઞાનને જ્ઞેયપણે અર્પે છે—જ્ઞેયપણે વર્તે છે. આવું ક્રમબદ્ધ સ્વરૂપ છે તેને જે માનતો નથી તે વસ્તુની સ્થિતિને માનતો નથી ને વસ્તુની સ્થિતિને માનતો નથી તે કેવળજ્ઞાનને જ માનતો નથી.

ભૂત ને ભવિષ્યની બધી પર્યાયો અવિદ્યમાન છે છતાં જ્ઞાનમાં વિદ્યમાન જ છે. જ્ઞાનમાં તો તેઓ વિદ્યમાન જ છે એવો જ જ્ઞાનનો સ્વભાવ છે. પ્રભુ! તારો સ્વભાવ સર્વજ્ઞ-સ્વરૂપી છે. એ સર્વજ્ઞ સ્વરૂપી પર્યાય પ્રગટે તેમાં ત્રણકાળના પર્યાયો સ્થિરબિંબ પડયા છે. આહાહા! આ વાત જેને જ્ઞાનમાં યથાર્થ બેઠી તેને ભવનો અંત આવી ગયો! એને કેવળજ્ઞાન થયે જ છૂટકો, એના ક્રમમાં કેવળજ્ઞાન આવશે જ અને એ કેવળજ્ઞાન અત્યારે બીજાના કેવળજ્ઞાનમાં અકંપપણે અર્પાઈ જ ગયું છે.

ભૂત ને ભવિષ્યના પર્યાયો ખરેખર અવિદ્યમાન છે છતાં તેઓ જ્ઞાનમાં તો વિદ્યમાન જ છે. જ્ઞાનની અચિંત્ય શક્તિનો ને જ્ઞેયોનો એ રીતે અર્પાઈ જવાનો એવો જ સ્વભાવ છે. ભૂત ને ભાવિ તીર્થંકરોને પથ્થરમાં કોતર્યા હોય તેની માફક બધા જ્ઞેયો અકંપપણે જ્ઞાનને અર્પતા એવા વિદ્યમાન જ છે.



## ...તે દેશને પણ ધન્ય છે,



**પોતાની અપેક્ષાએ ભૂત-ભવિષ્યના પર્યાયો અવિદ્યમાન છે છતાં અહીં જ્ઞાનની અપેક્ષાએ તેઓ વિદ્યમાન જ છે.**

પહેલાં કહ્યું કે ભૂત-ભવિષ્યના પર્યાયો ખરેખર અવિદ્યમાન જ છે પણ જ્ઞાન પ્રત્યે તો વિદ્યમાન જ છે. એવો કોઈ જ્ઞાનનો સ્વભાવ છે. પ્રભુ! તારો જ્ઞાનસ્વભાવ જ એવો છે કે અવિદ્યમાનને પણ વિદ્યમાન કરે છે. એક જ્ઞાનગુણનો આવો સ્વભાવ ને એવા એવા અનંતા ગુણોનો ચમત્કારીક સ્વભાવવાળો તું છો. તેની દૃષ્ટિ કર.

છએ દ્રવ્યોના ભૂત-ભવિષ્યના પર્યાયો જ્ઞેયોની અપેક્ષાએ વર્તમાન અવિદ્યમાન છે છતાં જ્ઞાનને તેઓ જ્ઞેયપણે અર્પાય છે. જ્ઞાનનો એવો જ કોઈ સ્વભાવ છે કે નથી તેને જ્ઞાનમાં પ્રત્યક્ષ કરી નાખે છે. આહાહા! આવી આવી અનંતી કેવળજ્ઞાનની પર્યાય દ્રવ્યમાંથી પ્રગટ થઈ છતાં દ્રવ્ય તો પૂરણ જ એવું ને એવું છે. આ તે કોઈ વાત છે! વસ્તુનો સ્વભાવ અચિંત્ય છે ભાઈ!

( ટૂંક સાર રૂપે અત્રે પ્રવચન આપ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીનાં અધ્યાત્મમસ્તીથી ભરપૂર સાક્ષાત્ ઉદ્‌ગારો માટે તા. ૧૧-૨-૭૯ તથા તા. ૧૨-૨-૭૯ ના પ્રવચનો ટેપ-રેકોડિંગ દ્વારા સાંભળવા યોગ્ય છે. )

અધ્યાત્મરસાસ્વાદી ગુરુદેવ જયવંત વર્તો. ૩૩

કુંદકુંદ-કેડાયત ગુરુદેવ જયવંત વર્તો. ૩૪



# એ ગામ-પુરને ધન્ય છે,...



## બલિહારી શ્રુતજ્ઞાનની કે આત્માની ?






ભૂત ભવિષ્યની પર્યાયો અવિદ્યમાન છે છતાં જ્ઞાનમાં પ્રત્યક્ષ છે એ અપેક્ષાએ ભૂતાર્થ છે, વિદ્યમાન છે. આહાહા ! જે થઈ ને ગઈ તથા જે થઈ નથી તે વર્તમાનમાં નથી માટે અવિદ્યમાન છે છતાં તે જ્ઞાનપ્રત્યક્ષ છે માટે ભૂતાર્થ છે. જ્ઞાનનો વિષય પ્રત્યક્ષ છે માટે વિદ્યમાન છે. ભૂતને ભવિષ્યની પર્યાયો વર્તમાનમાં નથી છતાં ભગવાન આત્મા જ્ઞાનમાં પ્રત્યક્ષ કરે છે. નથી તેને જ્ઞાનમાં પ્રત્યક્ષ કરે છે તે અપેક્ષાએ ભૂતાર્થ છે. અનંત અનંત પર્યાયો વીતી ગઈ ને હજુ ભવિષ્યમાં અનંત અનંત પર્યાયો થશે છતાં આત્મવસ્તુ છે એ તો સદાય પૂરણ જ્ઞાનમય છે. એ પૂરણ જ્ઞાનમય વસ્તુની દૃષ્ટિ કરીને પૂરણ જ્ઞાન પ્રગટ કરતાં એ જ્ઞાન ભૂત ભવિષ્યની જે પર્યાયો વર્તમાનમાં નથી તેને જ્ઞાનમાં પ્રત્યક્ષ કરે છે માટે નથી તેને ભૂતાર્થ—છે એમ કહેવું, તો આ ભગવાન આત્મા તો એક સમયમાં ભૂતાર્થ છે તો તેને શ્રુતજ્ઞાનમાં પ્રત્યક્ષ કેમ ન કરે ? જે પર્યાયો વર્તમાનમાં નથી તેને જ્ઞાન પ્રત્યક્ષ કરે છે તો આ ભગવાન આત્મા તો વર્તમાનમાં ભૂતાર્થ છે, તેને શ્રુતજ્ઞાન પ્રત્યક્ષ કેમ ન કરે ? જે વર્તમાન વિદ્યમાન નથી તેને પૂરણ જ્ઞાન વિષય બનાવીને પ્રત્યક્ષ કરે છે તો જે વર્તમાન વિદ્યમાન છે એવી ભૂતાર્થ ચૈતન્ય વસ્તુને વર્તમાન ભાવશ્રુતજ્ઞાન પ્રત્યક્ષ કરે એ તો એનો સ્વભાવ છે. પ્રત્યક્ષ થવું એવો એનામાં ગુણ છે, એવો એનો સ્વભાવ છે.



## ...એ માતકુળજ વન્ધ છે;



—તો પછી શ્રુતજ્ઞાનની બલિહારી કે આત્માની ? —શ્રુતજ્ઞાનની બલિહારી ! કેમ કે 'આત્માની બલિહારી છે' —એમ શ્રુતજ્ઞાનમાં જાણે છે ને ! માટે શ્રુતજ્ઞાનની બલિહારી છે. આહાહા !

ભગવાન આત્મા જે વસ્તુ છે તે પ્રત્યક્ષપ્રતિભાસમય છે એમ શ્રી સમયસારની ૩૨૦ મી ગાથામાં કહ્યું. કેમ કે એનું સ્વરૂપ જે એવું છે કે એ શ્રુતજ્ઞાનમાં પ્રત્યક્ષ થાય. ભાઈ ! તું ભૂતાર્થ ચીજ છો. જે અભૂતાર્થ છે એવી ભૂત-ભવિષ્યની પર્યાયને જ્ઞાન પ્રત્યક્ષ કરે માટે તેને છે એમ કહેવું તો તું તો છો ને ! —વિદ્યમાન છો ને ! જે નથી તેને જ્ઞાન ભૂતાર્થ કરે —પ્રત્યક્ષ જાણે તો પ્રભુ તો વિદ્યમાન છે, તેને મતિ-શ્રુતજ્ઞાન પ્રત્યક્ષ કેમ ન કરે ?

ભૂત-ભવિષ્યની પર્યાય વર્તમાનમાં નથી માટે એ પર્યાયની અપેક્ષાએ તો અવિદ્યમાન જ છે, પણ જ્ઞાને તેને વર્તમાનવત્ પ્રત્યક્ષ કરી માટે ભૂતાર્થ કહ્યું છે, તો આ ભગવાન આત્મા તો વર્તમાન ભૂતાર્થ છે, સકળ નિરાવરણ અખંડ એકરૂપ પ્રત્યક્ષ-પ્રતિભાસમય વર્તમાનમાં ભૂતાર્થ છે, તો એ ભગવાન આત્મા વર્તમાનમાં પ્રત્યક્ષ કેમ ન થાય ? વર્તમાનમાં છે અને તેનો સ્વભાવ પ્રત્યક્ષ થવાનો છે તો એ વર્તમાનમાં જ્ઞાનમાં પ્રત્યક્ષ કેમ ન થાય ? જરૂર થાય. પણ એની મહિમા લાવતો નથી, તેને દૃષ્ટિમાં લેતો નથી, તેની આવડી મોટી હયાતીને સ્વીકારતો નથી ને વિકલ્પોની જાળને કરતો થકો આકુળ થઈને બળજોરીથી અર્થાત્ ઊંધા પુરુષાર્થથી રાગ ને દયાદાન આદિના વિકલ્પોનો કર્તા થાય છે, બળજોરીથી કેમ ? —કે રાગને કરે એવું વસ્તુનું

( અનુસંધાન માટે જુઓ પેજ ૪૦ )



## તારાં કર્યાં દર્શન અરે ! ...



# ક્રમબદ્ધનું તાત્પર્ય: સર્વજ્ઞ સ્વભાવની સિદ્ધિ




આપ્ત પુરુષોની અમૃતવાણીના આડતીયા જયવંત વર્તો.


ભારતમાં જ્ઞાનગંગા વહેવડાવનાર ગુરુદેવ જયવંત વર્તો.

- ધર્મનું મૂળ સર્વજ્ઞ છે. તે સર્વજ્ઞને ક્યારે માન્યા કહેવાય ? કે સર્વજ્ઞ દરેક દ્રવ્યની ત્રણ કાળની પર્યાયને જાણે છે તે પર્યાય જે સમયે થવાની તે ક્રમબદ્ધ થવાની જ એમ માને ત્યારે સર્વજ્ઞને માન્યા કહેવાય.
- 'ક્રમ નિયત' શબ્દમાં ક્રમ એટલે ક્રમસર અને નિયત એટલે નિશ્ચિત-ચોક્કસ, જે સમયે જે પર્યાય આવવાની તે જ આવે. ક્રમબદ્ધ છે તે ફરે નહિ. ત્રણકાળમાં જે સમયે જે પર્યાય થવાની તે જ થાય. જગતનો કર્તા ઈશ્વર તો નથી કે પરદ્રવ્યનો કર્તા આત્મા તો નથી પણ રાગનો કર્તા પણ આત્મા નથી અને પલટતી પર્યાયનો પણ કર્તા આત્મા નથી. ષટ્‌કારકથી સ્વતંત્રપણે કર્તા થઈને પરિણતિ થાય છે, તે સત્ છે, તેને કોઈની અપેક્ષા નથી.

**પ્રશ્ન**:- પર્યાય ક્રમબદ્ધ સ્વકાળે ઉત્પન્ન થાય પણ આ જ પ્રકારની પર્યાય ઉત્પન્ન થાય એમ એમાં ક્યાં આવ્યું ?



## .....તે લોક પણ કૃતપુણ્ય છે,



**ઉત્તરઃ-** પર્યાય ક્રમબદ્ધ સ્વકાળે ઉત્પન્ન થાય એમાં પર્યાય જે સમયે નિશ્ચિત થવાની છે તે જ થાય એમ આવે છે, કેમ કે સ્વકાળે થતા પર્યાયને નિમિત્તાદિ કોઈની અપેક્ષા જ નથી.

- ક્રમબદ્ધ પર્યાયના સિદ્ધાંતથી મૂળ તો અકર્તાપણું સિદ્ધ કરવું છે. જૈનદર્શન અકર્તાવાદ છે. આત્મા પરદ્રવ્યનો તો કર્તા નથી જ, રાગનો પણ કર્તા નહિ અને પર્યાયનો પણ કર્તા નહિ. પર્યાય પર્યાયના જન્મક્ષણે ષટ્કારકથી સ્વતંત્ર જે થવાની તે જ થાય છે, પણ એ ક્રમબદ્ધનો નિર્ણય પર્યાયના લક્ષે થતો નથી. ક્રમબદ્ધનો નિર્ણય કરવા જાય ત્યાં શુદ્ધ ચૈતન્ય જ્ઞાયકધાતુ ઉપર દૃષ્ટિ જાય છે ત્યારે જાણનાર જે પર્યાય પ્રગટ થાય છે તે ક્રમબદ્ધ પર્યાયને જાણે છે. ક્રમબદ્ધ પર્યાયનો નિર્ણય સ્વભાવ સન્મુખના અનંતા પુરુષાર્થ પૂર્વક થાય છે. ક્રમબદ્ધ પર્યાયના નિર્ણયનું તાત્પર્ય વીતરાગતા છે. એ વીતરાગતા વીતરાગ સ્વભાવ ઉપર દૃષ્ટિ જાય છે ત્યારે પર્યાયમાં પ્રગટે છે. સમયસાર ગાથા ૩૨૦ માં કહ્યું છે ને ! કે જ્ઞાન બંધ-મોક્ષને કરતું નથી પણ જાણે જ છે. આહાહા ! મોક્ષને જ્ઞાન જાણે છે, મોક્ષને કરે છે એમ કહ્યું નથી. પોતામાં થતા ક્રમસર પરિણામને કરે છે એમ નહિ પણ જાણે છે એમ કહ્યું. ગજબ વાત છે !

**પ્રશ્નઃ-** ક્રમબદ્ધમાં કરવાનું શું આવ્યું ?

**ઉત્તરઃ-** કરવું છે ક્યાં ? કરવામાં તો કર્તૃત્વબુદ્ધિ આવે છે. કરવાની બુદ્ધિ છૂટી જાય એ ક્રમબદ્ધ છે. ક્રમબદ્ધમાં



## તુજ પાદથી સ્પર્શાઈ એવી,...



કર્તૃત્વબુદ્ધિ છૂટી જાય છે. પરમાં તો કાંઈ કરી શકતો જ નથી અને પોતામાં પણ જે થવાનું છે તે થાય છે એટલે પોતામાં પણ રાગ થવાનો છે તે થાય છે એને કરવો શું? રાગમાંથી પણ કર્તૃત્વબુદ્ધિ છૂટી ગઈ, ભેદ અને પર્યાય ઉપરથી પણ દૃષ્ટિ છૂટી ગઈ ત્યારે ક્રમબદ્ધની પ્રતીતિ થઈ. ક્રમબદ્ધની પ્રતીતિમાં તો જ્ઞાતાદૃષ્ટા થઈ ગયો. નિર્મળ પર્યાય કરું એવી બુદ્ધિ પણ છૂટી ગઈ. રાગને કરું એ વાત તો ક્યાં રહી? પણ જ્ઞાન કરું એ બુદ્ધિ પણ છૂટી જાય છે. કર્તૃત્વબુદ્ધિ છૂટી જાય અને એકલું જ્ઞાન રહી જાય છે. જેને રાગને કરવો છે, રાગને અટકાવવો છે, તેને એ ક્રમબદ્ધની વાત બેઠી જ નથી. રાગને કરવો અને રાગને છોડવો એ પણ આત્મામાં નથી. આત્મા એકલો જ્ઞાનસ્વરૂપ છે.

પરની પર્યાય તો જે થવાવાળી છે તે થાય જ છે, તેને હું શું કરું? અને મારામાં જે રાગ આવે છે તેને હું શું લાવું? અને મારામાં જે શુદ્ધ પર્યાય આવવાની તેને કરું-લાવું એવા વિકલ્પથી પણ શું? પોતાની પર્યાયમાં થવાવાળો રાગ અને થવાવાળી શુદ્ધપર્યાય તેને કરવાનો વિકલ્પ શું? રાગનું કર્તૃત્વ અને શુદ્ધપર્યાયના કર્તૃત્વનો વિકલ્પ એ સ્વભાવમાં છે જ નહિ. અકર્તાપણું આવવું એ જ મોક્ષમાર્ગનો પુરુષાર્થ છે.

- એક કહે કે ક્રમબદ્ધ પર્યાય હોય તો તો નિયત થઈ જાય છે, બીજો કહે કે ક્રમબદ્ધમાં અમારે રાગ આવવાનો હતો તે આવ્યો. તે બન્ને ભૂલ્યા છે, મિથ્યાદૃષ્ટિ છે.

જિનવાણીનું અમૃતપાન કરાવનાર ગુરુદેવ જયવંત વર્તો.

લાખોના લાડીલા સંત ગુરુદેવ જયવંત વર્તો. ૪૪



## ...ધૂલિને પણ ધન્ય છે.







મિથ્યાત્વને ઊલટું પુષ્ઠ કરીને નિગોદનો માર્ગ બન્નેએ લીધો છે. જેને ક્રમબદ્ધ યથાર્થ બેઠું છે તેની દૃષ્ટિ પર્યાય ઉપરથી ખસીને આનંદમય આત્મા ઉપર છે, તેને ક્રમબદ્ધમાં રાગ આવે છે તેનો જાણનાર રહે છે. જ્ઞાનાનંદસ્વભાવની દૃષ્ટિપૂર્વક જે રાગ આવે છે તે રાગ દુઃખરૂપ લાગે છે, તેણે ક્રમબદ્ધને યથાર્થ માન્યું છે. આનંદની સાથે દુઃખને મેળવે છે–મીંઢવે છે કે અરે ! આ રાગ દુઃખરૂપ છે—એમ ક્રમબદ્ધ માનનારો આનંદની દૃષ્ટિ પૂર્વક રાગને દુઃખરૂપ જાણે છે, રાગની મીઠાશ ઊડી ગઈ છે. જેને રાગમાં મીઠાશ પડી છે અને પહેલાં અજ્ઞાનમાં રાગને ટાળવાની ચિંતા હતી તે પણ ક્રમબદ્ધ ક્રમબદ્ધ કરીને મટી ગઈ છે તેને તો મિથ્યાત્વની પુષ્ટિ વધી છે, મિથ્યાત્વને તીવ્ર કર્યો છે. રાગ મારો નથી એમ કહે અને આનંદસ્વરૂપની દૃષ્ટિ નથી તો તેણે તો મિથ્યાત્વને વધાર્યું છે. ભાઈ ! આ તો કાચા પારા જેવું વીતરાગનું સૂક્ષ્મ રહસ્ય છે. અંતરથી પચાવે તો વીતરાગતાની પુષ્ટિ થાય અને તેનું રહસ્ય ન સમજે તો મિથ્યાત્વને પુષ્ટ કરે.

દરેક પદાર્થની પર્યાય ક્રમબદ્ધ થાય છે એટલે પરદ્રવ્યની પર્યાયને ફેરવવાનું તો રહ્યું નહિ, પરદ્રવ્યની પર્યાયને તો ફેરવી શકતો જ નથી પણ પોતાની પર્યાય જે ક્રમસર થવાની તે જ થાય છે તેથી તેને પણ ફેરવવાનું રહ્યું નહિ. જે પર્યાય ક્રમસર થાય તેનો જાણનાર જ છે. આહાહા ! આ વીતરાગતા છે. ભગવાન સર્વજ્ઞે દેખ્યા પ્રમાણે દરેક દ્રવ્યના ત્રણકાળના પર્યાયો જે કાળે જે થવાના તે જ



## અનુભવમહીં આનંદતો,....



થવાના છે. ભગવાને દેખ્યું છે માટે થવાના છે એમ નહિ પણ દરેક દ્રવ્યના પર્યાયો પોતાથી જ ક્રમબદ્ધ જે થવાના તે જ થાય છે તેને બીજો તો ફેરવી શકે નહિ પણ પોતે પણ પોતામાં થતા ક્રમસર પરિણામને ફેરવી શકે નહિ, માત્ર જાણી શકે. ક્રમબદ્ધ પર્યાયનો નિર્ણય કરતા દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય છે ત્યારે ક્રમબદ્ધ પર્યાયનો સાચો નિર્ણય થાય છે. પર્યાયના ક્રમ સામું જોતાં ક્રમબદ્ધનો સાચો નિર્ણય થઈ શકે નહિ, જ્ઞાયક તરફ ઢળે છે ત્યારે જ્ઞાયકનો સાચો નિર્ણય થાય છે, એ નિર્ણયમાં અનંતો પુરુષાર્થ આવે છે. જ્ઞાન સાથે આનંદનો સ્વાદ આવે ત્યારે તેને સમ્યગ્દર્શન થયું છે. સર્વજ્ઞે દેખ્યું છે તેમ થાય, પર્યાય ક્રમબદ્ધ થાય, એના નિર્ણયનું તાત્પર્ય જ્ઞાનસ્વભાવ ઉપર દૃષ્ટિ કરવી એ છે, આત્મા કર્તા નથી પણ જ્ઞાતા જ છે.

- ખરેખર પર્યાય પર્યાયથી પોતાથી જ છે, તેને પરની તો અપેક્ષા નથી પણ જ તેના પોતાના દ્રવ્યની પણ અપેક્ષા નથી. જ્યારે પર્યાયની ઉત્પત્તિ સિદ્ધ કરવી હોય ત્યારે દ્રવ્યથી પર્યાય ઉત્પન્ન થઈ તેમ કહેવાય, પણ જ્યારે પર્યાય છે તેની અસ્તિ સિદ્ધ કરવી હોય ત્યારે પર્યાય છે તે પોતાથી સતરૂપ છે, છે, છે ને છે, તેને દ્રવ્યની પણ અપેક્ષા નથી. જ્યારે જ્યાં જે અપેક્ષા સિદ્ધ કરવી હોય ત્યાં તે અર્થ લેવાય.

- જ્ઞાયકસ્વભાવ લક્ષમાં આવે ત્યારે ક્રમબદ્ધ પર્યાય યથાર્થ સમજમાં આવી શકે છે. જે જીવ પાત્ર થઈને પોતાના આત્મહિત માટે સમજવા માગે છે તેને આ વાત યથાર્થ

અકારણ કરુણાસાગર ગુરુદેવ જયવંત વર્તો. ૪૭

સુપાત્ર મુમુક્ષુને જાગૃત કરનાર ગુરુદેવ જયવંત વર્તો. ૪૮



## ...સાપેક્ષ દૃષ્ટિ તું ધરે;



સમજમાં આવી શકે છે. જેને જ્ઞાયકની શ્રદ્ધા નથી સર્વજ્ઞની પ્રતીત નથી, અંદરમાં વૈરાગ્ય નથી અને કષાયની મંદતા પણ નથી એવો જીવ તો જ્ઞાયકસ્વભાવના નિર્ણયનો પુરુષાર્થ છોડીને ક્રમબદ્ધના નામે સ્વછંદતાનું પોષણ કરે છે, એવા સ્વછંદી જીવની અહીં વાત નથી. જે જીવ ક્રમબદ્ધ પર્યાયને યથાર્થરૂપથી સમજે છે તેને સ્વછંદતા થઈ શકે જ નહિ. ક્રમબદ્ધને યથાર્થ સમજે તે જીવ તો જ્ઞાયક થઈ જાય છે, તેને કર્તૃત્વના ઊછાળા શમી જાય છે ને પરદ્રવ્યનો અને રાગનો અકર્તા થઈ જ્ઞાયકમાં એકાગ્ર થતો જાય છે.

**પ્રશ્નઃ-** પર્યાય તો વ્યવસ્થિત જ થવાની છે એટલે પુરુષાર્થની પર્યાય તો જ્યારે તેનો પ્રગટવાનો કાળ આવશે ત્યારે જ પ્રગટશે એટલે હવે કરવાનું શું રહે છે?

**ઉત્તરઃ-** વ્યવસ્થિત પર્યાય છે એમ જાણ્યું ક્યાંથી? વ્યવસ્થિત પર્યાય દ્રવ્યમાં છે તો તેને દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવાની છે, પર્યાયના ક્રમ ઉપર દૃષ્ટિ રાખવાની નથી પણ ક્રમસર પર્યાય જેમાંથી પ્રગટે છે એવા દ્રવ્યસામાન્ય ઉપર જ એને દૃષ્ટિ કરવાની છે. સામાન્ય ઉપરની દૃષ્ટિમાં અનંત પુરુષાર્થ આવે છે. ક્રમબદ્ધના સિદ્ધાંતથી અકર્તાપણું સિદ્ધ થાય છે, ક્રમ સામે જોવાનું નથી.

✦ કરવા-ફરવાનું છે જ ક્યાં? કરું કરુંની દૃષ્ટિ જ છોડવાની છે. રાગને કરવાનું તો છે જ નહિ પણ આત્મામાં અનંતા ગુણ છે. તેનું પરિણમન પણ સમયે સમયે થઈ જ રહ્યું



# દુનિયા બિચારી બાવરી,...



છે તેને પણ કરે શું ? ફક્ત તેની ઉપરથી દૃષ્ટિ છોડીને અંદરમાં જવાનું છે.

- પરદ્રવ્યના ફેરફારની તો વાત જ નથી, પરંતુ પોતામાં જે પર્યાય થવાનો છે તેને પણ તે દ્રવ્ય પોતે પણ ક્યાં ફેરવી શકે છે ? જે સમય છે તેને શું ફેરવી શકે ?

- જ્ઞાનીના જ્ઞાનમાં સર્વજ્ઞ બિરાજે છે, તીર્થંકર બિરાજે છે, તેથી સર્વજ્ઞની જેમ જ્ઞાની પણ રાગના જાણનાર છે, કર્તા નથી. સર્વજ્ઞની જેમ રાગનો જાણનાર રહે ત્યારે તેણે સર્વજ્ઞને સ્થાપ્યા કહેવાય. પર્યાયને અનિયત જે માને છે તેણે સર્વજ્ઞને માન્યા જ નથી.

- જેમ સર્વજ્ઞને લોકાલોક જ્ઞેય છે, લોકાલોકને સર્વજ્ઞ જાણે છે, તેમ સર્વજ્ઞ સ્વભાવીને દૃષ્ટિમાં લીધો છે એવો સમ્યગ્દૃષ્ટિ સર્વજ્ઞની જેમ રાગને જાણે જ છે. સર્વજ્ઞને જાણવામાં લોકાલોક નિમિત્ત છે, તેમ સમ્યગ્દૃષ્ટિને જાણવામાં રાગ નિમિત્ત છે. સમ્યગ્દૃષ્ટિ રાગને કરતો જ નથી પણ લોકાલોકને જાણતા સર્વજ્ઞની જેમ તે રાગને જાણે જ છે. આમ વસ્તુ સ્થિતિ છે અને આમ જ અંદરથી બેસે છે, આમ જ અંદરથી આવે છે અને આમ જ વસ્તુની સ્થિતિ છે. આ વાત ત્રણકાળ ત્રણલોકમાં ફરે તેમ નથી. બીજી રીતે બેસારવા જાય તો કોઈ રીતે વસ્તુ સિદ્ધ થઈ શકે તેમ નથી. આ તો અંદરથી જ આવેલી વસ્તુસ્થિતિ છે. શાસ્ત્ર ભલે અનેક રીતે કહે પણ વસ્તુ આમ જ છે ને આમ જ અંદરથી આવી છે. આ તો અનુભવથી નીવેડો છે !!

આત્મજ્ઞ સંત ગુરુદેવ જયવંત વર્તો. ૫૧

મુક્તિદૂત ગુરુદેવ જયવંત વર્તો. ૫૨



# ....તુજ દિલ દેખે ક્યાં અરે ?



**પ્રશ્નઃ-** લોકાલોકને જાણતાં સર્વજ્ઞની જેમ સમ્યગ્દૃષ્ટિ રાગને જાણે જ છે ? રાગનો કર્તા નથી ?

**ઉત્તરઃ-** ના, સર્વજ્ઞની જેમ સમ્યગ્દૃષ્ટિ રાગને જાણે જ છે.

**પ્રશ્નઃ-** પણ સમ્યગ્દૃષ્ટિની પર્યાયમાં રાગ થાય છે ને ?

**ઉત્તરઃ-** રાગ તે સમ્યગ્દૃષ્ટિની પર્યાય જ નથી.

સમયસાર ગાથા ૧૨ મા કહ્યું છે ને ! "તે કાળે જાણેલો પ્રયોજનવાન છે" સર્વજ્ઞ એક સમયમાં એક સાથે ત્રણકાળને જાણે છે અને નીચે સાધક તે તે કાળના રાગને જાણે છે. જેવું જેવું જ્ઞાન હોય છે તેવો જ રાગ નિમિત્તમાં હોય છે. આઘું-પાછું જ્ઞાન થાય તે વાત જ નથી એક કાળે જ છે.

ધર્મી જીવ જાણે છે કે દ્રવ્યોમાં પર્યાય થઈ રહી છે તેને સર્વજ્ઞ જાણી રહ્યા છે. તેને કરે શું ? પણ સમ્યગ્દર્શન આદિ ધર્મની પર્યાય પણ થઈ રહી છે તેને કરે શું ? જે પર્યાય સ્વકાળે થઈ રહી છે તેને કરે શું ? અને તેને કરવાનો વિકલ્પ શું ? સર્વજ્ઞ પ્રત્યક્ષ દેખી રહ્યા છે અને નીચે ધર્મી જીવ પરોક્ષ દેખી રહ્યા છે. પ્રત્યક્ષ-પરોક્ષનો જ ફેર છે. દિશા બદલવાની છે, બીજું કાંઈ કરવાનું નથી.

જે પર્યાય થવાવાળી છે તેને કરવું શું ? અને જે નહિ થવાવાળી છે તેને પણ કરવું શું ? એવો નિશ્ચય કરતાં જ કર્તૃત્વબુદ્ધિ તૂટીને સ્વભાવ સન્મુખ થઈ જાય છે. સર્વજ્ઞ ત્રિકાળીને જાણનાર-દેખનાર છે એમ હું પણ ત્રિકાળીને જાણવા-દેખવાવાળો જ છું. એવા ત્રિકાળી જ્ઞાયકસ્વભાવનો નિશ્ચય કરવો એ જ સમ્યગ્દર્શન છે.



## તારા હૃદયના તારમાં...



જુઓ ! એક વિચાર સવારે આવ્યો હતો. આત્મા જ્ઞાનસ્વરૂપ છે, એની કેવળજ્ઞાન આદિ પાંચ પર્યાયો છે. કેવળજ્ઞાન પોતાના ગુણના વ્યવસ્થિત કાર્યને જાણે છે ને બીજા દ્રવ્યોના પણ વ્યવસ્થિત કાર્યને જાણે છે. તેમ મતિજ્ઞાન પણ પોતાના ગુણના વ્યવસ્થિત કાર્યને જાણે છે, પરના કાર્યને પણ વ્યવસ્થિત જાણે છે. તેમ શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન પણ પોતાના ગુણના વ્યવસ્થિત કાર્યને જાણે છે અને પરના કાર્યને પણ વ્યવસ્થિત જાણે છે. વ્યવસ્થિત જાણવું એ જ એનો સ્વભાવ છે. આત્મા એકલો જ્ઞાનસ્વરૂપ છે એટલે એની પર્યાય, ગુણ અને દ્રવ્ય બસ જાણનાર જ છે, ફેરફાર કરનાર નથી. પોતામાં પણ કાંઈ ફેરફાર કરવો નથી. જેમ વ્યવસ્થિત કાર્ય થાય છે તેમ જાણે છે. આહાહા ! જુઓ તો ખરા ! વસ્તુ જ આમ છે. અંદરમાં તો ખૂબ ગંભીરતાથી ચાલતું હતું પણ કહેવામાં તો...

**પ્રશ્નઃ**- બધા ગુણોનું કાર્ય વ્યવસ્થિત જ છે તો પછી તેને પુરુષાર્થ કરવાનો રહેતો નથી.

**ઉત્તરઃ**- જેને ક્રમબદ્ધ પર્યાયની શ્રદ્ધામાં પુરુષાર્થ ભાસતો નથી તેને વ્યવસ્થિત બેઠું છે જ ક્યાં ?

**પ્રશ્નઃ**- તેને વ્યવસ્થિત બેઠું નથી એવું તેનું પરિણમન પણ વ્યવસ્થિત જ છે. એ વ્યવસ્થિતનો નિર્ણય ન કરી શકે તેવું તેનું પરિણમન વ્યવસ્થિત જ છે તો પછી તેને નિર્ણય કર તેમ કેમ કહેવામાં આવે છે ?

**ઉત્તરઃ**- એનું પરિણમન વ્યવસ્થિત જ છે એમ તેને ક્યાં ખબર



## ....રણકાર પ્રભુના નામના;



છે ? વ્યવસ્થિત પરિણમન છે તેમ સર્વજ્ઞે કહ્યું પણ સર્વજ્ઞનો તેને ક્યાં નિર્ણય છે ? પહેલાં એ સર્વજ્ઞનો તો નિર્ણય કરે ?પછી વ્યવસ્થિતની ખબર પડે.

પ્રશ્નઃ– વ્યવસ્થિત પરિણમનશીલ વસ્તુ છે એમ ભગવાને કહેલું તેને બેઠું છે.

ઉત્તરઃ– ના, સર્વજ્ઞ ભગવાનનો પણ ખરો નિર્ણય તેને ક્યાં છે ? પહેલાં સર્વજ્ઞનો નિશ્ચય આવ્યા વિના વ્યવસ્થિતનો નિર્ણય ક્યાંથી આવ્યો ? એમ ને એમ જ્ઞાનીની વાતો ધારી ધારીને કરે તે ન ચાલે, પહેલાં સર્વજ્ઞનો નિર્ણય લાવ. દ્રવ્યનો નિર્ણય કર્યાં વિના સર્વજ્ઞનો નિર્ણય ખરેખર થાય નહિ.

✦ જેણે સર્વજ્ઞને પોતાની પર્યાયમાં પધરાવ્યા તેને હવે કાંઈ કરવાનું રહ્યું જ નહિ. જેમ સર્વજ્ઞ જાણનાર છે તેમ તેની સ્થાપના જેણે પોતામાં કરી છે તે પણ જે થાય તેનો માત્ર જાણનાર જ છે. ફેરફાર કરવાની વાત જ નથી. દ્રવ્ય સર્વજ્ઞ સ્વભાવી છે, એ સર્વજ્ઞને જેણે પોતાની પર્યાયમાં સ્થાપ્યા એને સર્વજ્ઞ થવાનો નિર્ણય આવી ગયો. બસ એ “જ્ઞ” સ્વભાવમાં વિશેષ ઠરતાં ઠરતાં પર્યાયમાં સર્વજ્ઞ થઈ જશે. બીજું કાંઈ કરવાનું રહ્યું જ નહિ.

સર્વજ્ઞ–સર્વદર્શી એ શબ્દ જ્યાં સામે આવે છે ત્યાં આહાહા ! આખી વસ્તુ સર્વજ્ઞ–સર્વદર્શી છે તે આખી તરવરે છે.

✦ જે સમયે જે થવાનું તે થવાનું જ એને કોણ ફેરવી શકે ?



# એ નામ 'સોહં' નામનું...



ભગવાન જિનેન્દ્રે જે સમયે જે થવાનું જાણ્યું છે તેને ભગવાન જિનેન્દ્ર પણ ફેરવી ન શકે! અરે! પોતાના પરિણામને પોતે પણ ફેરવી ન શકે! આહાહા! આ તો વસ્તુના અંતર-પેટની વાતુ છે. ભાઈ! તું એકલો જાણનાર સ્વભાવી જ છો; જાણનારપણે રહે.

✦ આ જગતમાં સર્વજ્ઞ છે એમ સ્વીકાર કરવા જતાં, આત્માના એક જ્ઞાનગુણની એક સમયની પર્યાય ત્રણકાળ ત્રણલોકને જાણે એવા સર્વજ્ઞનો સ્વીકાર કરવા જતાં એની દૃષ્ટિ સર્વજ્ઞ-સ્વભાવ ઉપર જાય ત્યારે એનો સર્વજ્ઞનો સ્વીકાર સાચો છે. આવા સર્વજ્ઞસ્વભાવના સ્વીકારમાં સ્વભાવનો અનંતો પુરુષાર્થ આવે છે.

✦ ભાઈ! તું જ્ઞાયક જ છો એમ નિર્ણય લાવ! જ્ઞાયક જ છો પણ એ જ્ઞાયકનો નિર્ણય કરવાનો છે.

પુરુષાર્થ કરું... કરું... પણ એ પુરુષાર્થ તો દ્રવ્યમાં ભર્યો છે તો એ દ્રવ્ય ઉપર લક્ષ જાય ત્યાં પુરુષાર્થ પ્રગટે છે, પણ એને કરું... કરું કરીને કાંઈક નવીન કાર્ય કરવું છે. પણ જ્યારે દ્રવ્ય ઉપર લક્ષ જાય છે ત્યારે બધું જેમ છે તેમ છે તેમ જાણે છે. પરનું તો કાંઈ પલટાવવું નથી અને સ્વનું પણ કાંઈ પલટાવવું નથી. સ્વનો નિર્ણય કરતાં દિશા જ પલટી જાય છે.

ખરેખર તો પરોક્ષ જ્ઞાન છે તે જાણનાર જ છે.

**પ્રશ્નઃ-** પરોક્ષ જ્ઞાન તો હીણું ને ઊણું છે ને?

**ઉત્તરઃ-** પરોક્ષ જ્ઞાન-મતિશ્રુત પણ જાણનાર જ છે. જે કાંઈ છે



## ...ભાષા પરા જ્યાં કામ ના.



તેને જાણે જ છે. વિકલ્પને જાણે છે, હીણપને જાણે છે, ઊણપને જાણે છે.

**પ્રશ્નઃ-** કોણ જાણે છે ? ઊણું જ્ઞાન ને ?

**ઉત્તરઃ-** જ્ઞાન ઊણું છે એમ પણ એ જ્ઞાન જાણે છે, જે છે તેને તે જ જ્ઞાન તેમ જાણે છે. 'જાણેલો પ્રયોજનવાન છે' એ સમયસારની ૧૨મી ગાથાનો શબ્દ છે, તે ગજબ વાત છે.

**પ્રશ્નઃ-** સ્વાનુભવમાંથી વિકલ્પમાં આવ્યા પછી જ્ઞાતાદૃષ્ટામાં કાંઈ ફેર પડે ?

**ઉત્તરઃ-** સ્વાનુભવમાંથી વિકલ્પમાં આવે ત્યારે પણ કેવળીની જેમ જ્ઞાતાદૃષ્ટા જ છે. અનુભવમાં કેવળીની જેમ જ્ઞાતાદૃષ્ટા છે અને વિકલ્પમાં આવે છે ત્યારે પણ જ્ઞાતાદૃષ્ટા જ છે. વિકલ્પ આવે છે તે પણ છુટો જ છે. કેવળી પૂર્ણ જ્ઞાતાદૃષ્ટા છે. આ નીચેવાળો અલ્પ જ્ઞાતાદૃષ્ટા છે પણ છે તો બન્ને જ્ઞાતા દૃષ્ટા જ.

✦ જ્ઞાનીને જે શુભભાવ આવે છે તે અશુભથી બચવા માટે આવે છે એમ જે કહેવામાં આવે છે તે તો લોકોને જરા સંતોષ થાય તે માટે કહેવામાં આવે છે. ખરેખર તો શુભરાગ તેના આવવાના કાળે જ આવે છે.

**પ્રશ્નઃ-** તો પછી પ્રાયશ્ચિત્ત કેમ કરવામાં આવે છે ?

**ઉત્તરઃ-** તે બધી કહેવાની વાતો છે, કથનની પદ્ધતિ છે. ખરેખર તો એવો વિકલ્પ આવવાનો કાળ હતો એ જ આવ્યો છે અને વાણી પણ એવી જ નીકળવાની હતી એ જ નીકળી છે. બહુ સૂક્ષ્મમાં જઈએ તો ખરેખર તો શુભ વિકલ્પ





## અધ્યાત્મની વાતો કરે,...

અને પ્રાયશ્ચિત્તની વાણી નીકળવી અને ગુરુવાણી નીકળવી તે બધું પુદ્‌ગલનું સ્વાભાવિક કાર્ય છે. આત્માનું કાર્ય નથી, આત્મા તો એકલો જ્ઞાનસ્વભાવી છે.





✦ દરેક પદાર્થની ભૂતકાળની પર્યાયો અને ભવિષ્યકાળની પર્યાયો વર્તમાનમાં અવિદ્યમાન-અપ્રગટ હોવા છતાં સર્વજ્ઞ ભગવાન વર્તમાનવત્ પ્રત્યક્ષ જાણે છે. અનંતકાળ પહેલાં થઈ ગયેલ ભૂતકાળની પર્યાયો અને અનંતકાળ પછી થનારી ભવિષ્યની પર્યાયો અવિદ્યમાન હોવા છતાં કેવળજ્ઞાન વર્તમાનવત્ પ્રત્યક્ષ જાણે છે.

આહાહા! જે પર્યાયો થઈ ને ગઈ છે અને જે થઈ નથી એવી ભૂત-ભવિષ્યની પર્યાયોને પ્રત્યક્ષ જાણે એ જ્ઞાનની દિવ્યતાનું શું કહેવું? કેવળી ભગવાન ભૂત-ભવિષ્યની પર્યાયોને દ્રવ્યમાં યોગ્યતારૂપ જાણે છે એમ નહિ, પણ તે તે પર્યાયો વર્તમાનવત્-પ્રત્યક્ષ હોય તેમ જાણે છે. એ સર્વજ્ઞના જ્ઞાનની દિવ્યતા છે. ભૂત-ભવિષ્યની અવિદ્યમાન પર્યાયો કેવળજ્ઞાનમાં વિદ્યમાન જ છે. આહાહા! એક સમયની કેવળજ્ઞાન પર્યાયની આવી વિસ્મયતા અને આશ્ચર્યતા છે તો આખા દ્રવ્યના સામર્થ્યની વિસ્મયતા અને આશ્ચર્યતાનું કહેવું શું?

આહાહા! પર્યાયને ગુલાંટ મારવી એ કાંઈ ઓછી વાત છે? પર્યાય અનાદિની પરમાં જાય છે તેને ગુલાંટ મારીને અંદરમાં લઈ જવાની છે. અંદરમાં તળીયે લઈ જવામાં મહાન પુરુષાર્થ છે. પરિણામમાં અપરિણામી ભગવાનના દર્શન થાય એ પુરુષાર્થ અપૂર્વ છે.



## ....અધ્યાત્મની દૃષ્ટિ ધરે,



### જ્ઞાનીનું લક્ષણ:

# જ્ઞાનસ્વરૂપમાં રહીને જ્ઞાતાપણે રાગાદિને જાણતો જ્ઞાની

( શ્રી સમયસાર, ગાથા–૭૫ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી )

સુવર્ણપુરીના સંત ગુરુદેવ જયવંત વર્તો. ૬૬

ઉજમબાના ઉજીયારા કુંવર જયવંત વર્તો. ૬૬

શિષ્ય પૂછે છે કે આત્મા જ્ઞાનસ્વરૂપ અર્થાત્ જ્ઞાની થયો એ કઈ રીતે ઓળખાય? જ્ઞાનીના લક્ષણ–એંધાણ–ચિહ્ન શું? તેને ઉત્તરરૂપ ગાથા કહે છેઃ

પરિણામ કર્મતણું અને નોકર્મનું પરિણામ જે<br>
તે નવ કરે જે, માત્ર જાણે, તે જ આત્મા જ્ઞાની છે. ૭૫.

નિશ્ચયથી અંદરમાં થતો પર તરફની સાવધાનીના ભાવરૂપ મોહ, રાગ, દ્વેષ, સુખ, દુઃખ આદિરૂપ અંતરંગમાં ઉત્પન્ન થતાં ભાવકર્મ ને દ્રવ્યકર્મના પરિણામ તથા સ્પર્શ, રસ આદિરૂપ બહાર ઉત્પન્ન થતા નોકર્મના પરિણામ, તે બધુંય પુદ્‌ગલપરિણામ છે. દયા–દાન આદિરૂપ જે પરિણામ છે તે પુદ્‌ગલના પરિણામ છે.

પરમાર્થે, જેમ માટી કર્તા ને ઘડો તેનું કાર્ય છે, માટી વ્યાપક ને ઘડો વ્યાપ્ય છે, ઘડાને ને માટીને એવો વ્યાપ્ય–વ્યાપકભાવનો સદ્‌ભાવ હોવાથી કર્તાકર્મપણું છે, તેમ પુદ્‌ગલ–પરિણામને ને પુદ્‌ગલને જ વ્યાપ્યવ્યાપકપણાનો સદ્‌ભાવ હોવાથી પુદ્‌ગલપરિણામનો કર્તા પુદ્‌ગલ છે અહીં સ્વભાવની દૃષ્ટિ સિદ્ધ કરવી છે તેથી રાગાદિ પરિણામનો કર્તા પુદ્‌ગલદ્રવ્ય છે. કેમ કે વિજ્ઞાનઘન આત્માનું કાર્ય તો જ્ઞાન છે.



## નિજ દેહ-અણુ અણુમાં અહો !...



પુદ્‌ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી પુદ્‌ગલદ્રવ્ય પુદ્‌ગલપરિણામનો કર્તા છે એટલે કે દયા –દાન–વ્રતાદિ પરિણામને પુદ્‌ગલદ્રવ્ય સ્વતંત્રપણે કર્તા થઈને કરે છે, અહીં તો આત્માને જગતનો સાક્ષી સિદ્ધ કરવો છે ને! જ્ઞાતાદૃષ્ટા સ્વભાવ વ્યાપક થઈને જે કાર્ય થાય તે જાણવા–દેખવારૂપ પરિણામ થાય. તેથી અહીં કહે છે કે કર્મ પોતે સ્વતંત્રપણે કર્તા થઈને વિકારના પરિણામને કરે છે. કેમ કે વીતરાગસ્વરૂપી પ્રભુ રાગપણે કેમ થાય? તેથી પર્યાયમાં રાગાદિ થાય તેનો કર્તા પુદ્‌ગલકર્મ પોતે છે.

મોતીચંદબાપુના અણમૂલાં મોતી જયવંત વર્તો. ૬૭

જીવોનું મંગલ કરનાર ગુરુદેવ જયવંત વર્તો. ૬૮

અહીં સ્વભાવની દૃષ્ટિથી કથન કરવું છે ને સ્વભાવમાં વિકારને કરે એવો કોઈ ગુણ નથી. તેથી વિકારી પર્યાયનું કાર્ય આત્માનું નથી. કર્મ સ્વતંત્રપણે કર્તા થઈને પુદ્‌ગલ–પરિણામનો એટલે કે રાગાદિનો કર્તા છે અને રાગાદિ પુદ્‌ગલ–પરિણામ તે વ્યાપક વડે એટલે કે પુદ્‌ગલકર્મ વડે સ્વતંત્ર વ્યપાતું હોવાથી તેનું કર્મ છે. ભગવાનની ભક્તિ –સ્તુતિનો કર્તા પુદ્‌ગલકર્મ છે એમ અહીં કહે છે! કેમ કે ભગવાનની ભક્તિ આદિના ભાવ પુદ્‌ગલકર્મ વડે વ્યપાતું હોવાથી તે પુદ્‌ગલકર્મનું કાર્ય છે.

જેમ કુંભાર વ્યાપક ને ઘડો તેનું વ્યાપ્ય અર્થાત્ કુંભાર કર્તા ને ઘડો તેનું કાર્ય–એમ નથી, તેમ રાગાદિ પરિણામને ને આત્માને વ્યાપ્યવ્યાપકપણાના અભાવને લીધે કર્તાકર્મપણાનો અભાવ છે, દયા–દાન આદિના પરિણામને ને આત્માને, ઘડા ને કુંભારની જેમ, વ્યાપ્યવ્યાપકપણાનો અભાવ



## ....અધ્યાત્મરસ ભાવે ભરે;




છે એટલે કે આત્મા વ્યાપક થઈને વિકારને કરે એવો અભાવ છે. જેમ કુંભાર કર્તા ને ઘડો કર્મ—એમ નથી, તેમ આત્મા વ્યાપકકર્તા ને રાગાદિપરિણામ વ્યાપ્ય-કાર્ય એમ નથી. પરમાર્થે કુંભાર ઘડાને કરતો નથી તેમ વિકારને આત્મા કરતો નથી. પરંતુ પુદ્‌ગલપરિણામના જ્ઞાનને એટલે કે વિકારના પરિણામ થયા તેના જ્ઞાનને અર્થાત્ જે કાળે દયા–દાન આદિ થયા તે કાળે સ્વપરપ્રકાશકપણાને લીધે જે જ્ઞાન સ્વયં થયું એ જ્ઞાનના કાર્યને આત્મા કરે છે, જ્ઞાનના કાર્યપણે આત્મા પરિણમે છે. અહીં તો પ્રભુની પ્રભુતાની વાત છે! પામરતા થાય તેનો કર્તા પ્રભુ ન હોય!

પુદ્‌ગલપરિણામના કાળે એટલે કે રાગાદિ પરિણામના કાળે સ્વતંત્રપણે જ્ઞાન પોતાના ષટ્‌કારકોથી પરિણમે છે. રાગના પરિણામનું જ્ઞાન એ આત્માનું કાર્ય એમ કહેવું એ પણ ભેદકથન વ્યવહાર છે. રાગનું જ્ઞાન થયું એમ કહેવું તે પણ વ્યવહાર છે ને જ્ઞાનનો કર્તા આત્મા એમ કહેવું પણ વ્યવહાર છે. રાગનો કર્તા તો આત્મા નથી પણ એ રાગ સંબંધી જ્ઞાનના પરિણામનો કર્તા આત્મા કહેવો એ પણ ઉપચાર છે. રાગનો કર્તા આત્મા નથી એમ સમજાવવું છે. તેથી આત્મા કોનો કર્તા છે? –કે પુદ્‌ગલપરિણામના જ્ઞાનનો કર્તા આત્મા છે એમ કહ્યું પણ ખરેખર તો એ પણ ઉપચાર કથન છે. જ્ઞાનનો કર્તા જ્ઞાન પોતે છે.

વ્યવહારરત્નત્રયનો વિકલ્પ ઊઠયો તેનું જ્ઞાતાપણે જ્ઞાન કરે છે એ જ્ઞાનને કર્મપણે–કાર્યપણે કરતા એવા પોતાના આત્માને જાણે છે, તે આત્મા જ્ઞાનસ્વરૂપ થયો થકો જ્ઞાની

જીવોનું કલ્યાણ કરનાર ગુરુદેવ જયવંત વર્તો. ૬૮

કરુણાસિંધુ ગુરુદેવ જયવંત વર્તો. ૭૦



## અધ્યાત્મમાં તન્મય બની,....



છે. જ્ઞાનીનું લક્ષણ શું ? એમ શિષ્યનો પ્રશ્ન હતો ને ! —તેનો આ ઉત્તર ચાલે છે.

રાગનું જે જ્ઞાન થયું એ જ્ઞાન આત્માનું કાર્ય કઈ રીતે છે તે હવે સમજાવે છે. દયા-દાન-વ્રત-ભક્તિ આદિનું જ્ઞાન એટલે કે તે સંબંધીનું કે જે જ્ઞાનનું જ જ્ઞાન છે, દયા-દાન આદિનું નથી, તે જ્ઞાન આત્માનું કાર્ય કઈ રીતે છે તે હવે દૃષ્ટાંતથી સમજાવે છે.

જેમ ઘડાને ને કુંભારને વ્યાપ્યવ્યાપકપણાનો અભાવ છે તેમ પુદ્‌ગલપરિણામના જ્ઞાનને ને પુદ્‌ગલને વ્યાપ્યવ્યાપકપણાનો અભાવ હોવાથી જ્ઞાનનો કર્તા પુદ્‌ગલ નથી. પુદ્‌ગલકર્મ કર્તા અને જ્ઞાનના પરિણામ તેનું કાર્ય એવા કર્તાકર્મપણાનો અભાવ છે. પરંતુ જેમ ઘડાને ને માટીને વ્યાપ્યવ્યાપકપણાનો સદ્‌ભાવ હોવાથી કર્તાકર્મપણાનો સદ્‌ભાવ છે તેમ આત્માના જ્ઞાનપરિણામને ને આત્માને વ્યાપ્યવ્યાપકપણાનો સદ્‌ભાવ હોવાથી કર્તાકર્મપણું છે.

આત્મદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી આત્મપરિણામનો કર્તા આત્મા છે. આત્મદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક થઈને જ્ઞાન, દર્શન આદિના પરિણામને તથા રાગાદિના જ્ઞાનના પરિણામને આત્મા કરે છે અને આત્મપરિણામ એટલે કે રાગાદિના જ્ઞાનના પરિણામ વ્યાપક વડે સ્વયં વ્યપાતા હોવાથી તે આત્માનું કર્મ છે. વળી જ્ઞાતા પુદ્‌ગલપરિણામનું જ્ઞાન કરે છે માટે પુદ્‌ગલપરિણામ આત્માનું વ્યાપ્ય છે એમ નથી તથા રાગ વ્યાપક છે ને જ્ઞાનના પરિણામ વ્યાપ્ય છે એમ પણ નથી. આત્મા રાગાદિનું જ્ઞાન કરે છે માટે રાગાદિ જ્ઞાતાનું

જિનશાસનના ચમકિત તારા ગુરુદેવ જયવંત વર્તો. ૭૭

વૈરાગ્યરસભીની પાવન પ્રતિમા ગુરુદેવ જયવંત વર્તો. ૭૨



## .....અધ્યાત્મને ફેલાવતો,



વ્યાપ્ય છે એમ નથી. કારણકે પુદ્‌ગલને ને આત્માને એટલે કે રાગને ને આત્માને જ્ઞેયજ્ઞાયક સંબંધનો વ્યવહાર માત્ર હોવા છતાં પુદ્‌ગલપરિણામ જેનું નિમિત્ત છે એટલે કે રાગ જેનું નિમિત્ત છે એવું જે જ્ઞાન તે જ્ઞાતાનું વ્યાપ્ય છે કાર્ય છે માટે જ્ઞાન જ જ્ઞાતાનું કર્મ છે.

ધર્મીનું ચિહ્ન શું? —કે રાગાદિ કે નોકર્મના જે પરિણામ થાય તેને જ્ઞાની જ્ઞાનમાં રહીને જાણતો થકો જ્ઞાનના કર્તાપણે પરિણમે છે તે જ્ઞાની છે. પર્યાયમાં જે રાગદ્વેષ થાય એ જ્ઞાનીને થયા નથી, પુદ્‌ગલને થયા છે. દયા–દાન આદિના જે પરિણામ થાય એ સમ્યગ્દૃષ્ટિ જીવનું કાર્ય નહિ. જ્ઞાની છે એ રાગના પરિણામથી ભિન્ન પડીને જ્ઞાનપણે પરિણમે છે. એવા જ્ઞાનીને વ્રતાદિના જે પરિણામ થાય તે પુદ્‌ગલકર્મના પરિણામ છે. જ્ઞાનીને જ્ઞાનના પરિણામની સબળાઈ છે. જેની દૃષ્ટિ દ્રવ્યસ્વભાવ ઉપર છે તેનું કાર્ય તો શુદ્ધ પરિણામ છે. વિકારના પરિણામ છે તે સ્વતંત્રપણે પુદ્‌ગલદ્રવ્ય વડે વ્યપાતા હોવાથી પુદ્‌ગલના પરિણામ છે.

છ પ્રકારના જ્ઞેયોની તે તે કાળે જે પર્યાય થાય છે તે તેનો જન્મક્ષણ છે, પરથી થતી નથી. દરેક પર્યાયનું થવું તે તેની કાળલબ્ધિ છે. અહીં તો પર્યાયની દૃષ્ટિ છૂટીને દ્રવ્યદૃષ્ટિ થઈ છે તેને જે દયા–દાન આદિના પરિણામ થાય તે પુદ્‌ગલનું કાર્ય છે એમ જ્ઞાની જાણે છે ને એમ જ છે. કેમ કે દ્રવ્યની દૃષ્ટિ થઈ છે ને દ્રવ્યમાં વિકારના પરિણામને કરે એવો કોઈ સ્વભાવ નથી તેથી વિકારના પરિણામનો કર્તા પુદ્‌ગલ છે.

સત્યના સ્થાપક ગુરુદેવ જયવંત વર્તો. ૭૩

અધ્યાત્મયુગ સ્રષ્ટા ગુરુદેવ જયવંત વર્તો. ૭૪



# કાયા અને વાણી-હૃદય,.....



અહીં તો જ્ઞાનીનું લક્ષણ શું ? —એ વાત ચાલે છે.

જ્ઞાની કોને કહેવો ? —કે જેની વર્તમાન પર્યાયે પર્યાયવાનને–દ્રવ્યસ્વભાવને પકડી લીધો છે તેને દયા–દાન આદિ પરિણામ થાય તે પુદ્‌ગલનું કાર્ય જાણે તે જ્ઞાની છે. દ્રવ્યસ્વભાવનો દૃષ્ટિવંત જ્ઞાની વિકારના પરિણામને, જેમ કુંભાર ઘડાને કરતો નથી તેમ પરમાર્થે કરતો નથી. પરંતુ રાગાદિ વિકાર સંબંધીનું જે જ્ઞાન એ જ્ઞાન પરિણામ મારું કાર્ય છે ને હું જ્ઞાનનો કર્તા છું એમ ધર્મી માને છે.

( બલિહારી શ્રુતજ્ઞાનની... પેજ ૨૧ થી ચાલુ )

સ્વરૂપ છે જ નહિ પણ તેને ભૂલીને દયા–દાન આદિના રાગનો અજ્ઞાનપણે કર્તા થાય છે માટે બળજોરીથી કર્તા થાય છે એમ કહ્યું. અજ્ઞાનથી શું શું નથી થતું ? અજ્ઞાનને લીધે હરણો ઝાંઝવાના જળને પાણી માનીને પીવા દોડે છે ને ખેદખિન્ન થાય છે, અજ્ઞાનને લીધે અંધારામાં પડેલી દોરડીને સર્પ માનીને માણસો ભાગે છે, તેમ અજ્ઞાનને લીધે અજ્ઞાનીઓ, જેમ પવનથી દરિયો તરંગપણે અસ્થિર થાય છે તેમ, અનેક વિકલ્પો કરતા થકા, જોકે પરમાર્થે શુદ્ધજ્ઞાનઘન પ્રભુ હોવા છતાં તેના અજ્ઞાનને લીધે રાગાદિના કર્તા થાય છે.

–પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી

આત્મજ્ઞ-સંતશિરોમણિ ગુરુદેવ જયવંત વર્તો. ૭૭

જિનશાસન ઉજાળનાર ગુરુદેવ જયવંત વર્તો. ૭૬







# શાસ્ત્ર-અભ્યાસનું પ્રયોજનઃ આત્માને જાણ

( 'બહેનશ્રીનાં વચનામૃત' બોલ ૩૮૧ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી )

જીવ ભલે ગમે તેટલા શાસ્ત્રો જાણી લે કે વાદવિવાદ કરી જાણે કે પ્રમાણ-નય-નિક્ષેપથી વસ્તુને તર્કબદ્ધ કહે કે ધારણાથી જ્ઞાનને વિચારોમાં વિશેષ વિશેષ ફેરવે પણ જ્ઞાનસ્વરૂપી મોજૂદગીવાળી ચીજ છે તેમાં પર્યાયને ન લઈ જાય અર્થાત્ જ્ઞાનસ્વરૂપ આત્માના અસ્તિત્વને ન પકડે તથા તદ્-રૂપ પરિણમે નહીં તો એ બધું શું ચીજ છે?

આનંદની ધારારૂપ પરિણમન ન હો, શાંતિની ધારારૂપ પરિણમન ન હો તો એ બધું પરજ્ઞેયનિમગ્ન છે. સ્વજ્ઞેયને જાણે નહીં ને શાસ્ત્રજ્ઞાન, ધારણા આદિ બધું કરે ત્યાં સુધી પરજ્ઞેયનિમગ્ન છે. સ્વજ્ઞેયરૂપ ભગવાનમાં નિમગ્ન ન હોય ને શાસ્ત્રજ્ઞાન, ધારણા આદિ બધું કરે પણ એ પરજ્ઞેયનિમગ્ન છે. શાસ્ત્ર ભણ્યો ને વાતો કરતાં ખૂબ આવડે માટે તે સ્વજ્ઞેયમાં નિમગ્ન છે એમ નથી. ધારણાવાળું જ્ઞાન એ તો પર છે, એ તો પરજ્ઞેયમાં નિમગ્ન છે.

દૃષ્ટિ પલટી નથી ને શાસ્ત્ર ભણતર આદિમાં રોકાઈ ગયો છે તે પરજ્ઞેયનિમગ્ન છે, ભગવાનની—સ્વજ્ઞેયની દૃષ્ટિ તેમાં આવી નથી. સ્વજ્ઞેયરૂપ ભગવાન આત્માને ઓળખીને, તદ્-રૂપ પરિણમન નથી ને શાસ્ત્રજ્ઞાનમાં નિમગ્ન છે તે પરજ્ઞેયમાં નિમગ્ન છે. સ્વના જ્ઞાનમાં જે નિમગ્ન ન હોય તે પરજ્ઞેયમાં નિમગ્ન છે.



## જયાં જયાં તમારી દૃષ્ટિ ત્યાં.....



રાગમાં નિમગ્ન હો, નિમિત્તમાં નિમગ્ન હો કે દયા-દાન આદિમાં નિમગ્ન હો એ તો અશુદ્ધ વિકારમાં નિમગ્ન છે. પણ અહીં તો કહે છે કે ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ તેને જો ઓળખે નહીં, તે તરફની દૃષ્ટિનો ઝૂકાવ કરે નહિ એ શાસ્ત્રજ્ઞાનના ઝૂકાવમાં પરજ્ઞેયમાં નિમગ્ન છે. જો પરજ્ઞેયમાં નિમગ્નપણાથી લાભ થતો હોય તો અનંતવાર શાસ્ત્રજ્ઞાનમાં નિમગ્ન થયો છે. શાસ્ત્રજ્ઞાનમાં નિમગ્ન છે એ પરજ્ઞેયમાં નિમગ્ન છે. શાસ્ત્રજ્ઞાન એ શબ્દજ્ઞાન છે, આત્મજ્ઞાન નથી.

ત્રણ લોકનો નાથ જ્ઞાનસ્વભાવી પરિપૂર્ણ પ્રભુને ઓળખ્યો નહીં, તદ્-રૂપ પરિણમન કર્યું નહીં ને શાસ્ત્રજ્ઞાનમાં નિમગ્ન છે તે તો પરજ્ઞેયમાં નિમગ્ન છે. શાસ્ત્રનું જ્ઞાન એ સ્વરૂપમાં નથી, જે સ્વરૂપમાં નથી તેમાં નિમગ્ન છે તે પરજ્ઞેયમાં નિમગ્ન છે. ચાર અનુયોગનું વાંચન હો, કરોડો શ્લોકોનું વાંચન અભ્યાસ હો પણ સ્વરૂપમાં આરૂઢ થયો નહીં તો એ પરજ્ઞેયમાં નિમગ્ન છે.

ચૈતન્ય જ્ઞાયકમૂર્તિનું તો જ્ઞાન નથી ને બહારનું જે જે જાણે તેમાં તલ્લીન થઈ જાય છે જાણે કે બહારથી જ્ઞાન આવે છે! ભગવાન જ્ઞાનસ્વરૂપી છે તેનું જ્ઞાન કરતો નથી ને જે બહારનું જ્ઞાન છે તેનું વેદન કરે છે એ તો બહારના જ્ઞાનનું વેદન છે, આત્મજ્ઞાનનું વેદન નથી.

અનેક યુક્તિ-ન્યાય જાણે, અનેક વિચારો કર્યા કરે પણ જાણનારને ન જાણ્યો! જે કાંઈ રાગની ક્રિયા, તેમાં નિમગ્ન છે તે વીતરાગસ્વરૂપ ભગવાનમાં નિમગ્ન નથી. તેમ જે શાસ્ત્રજ્ઞાનમાં નિમગ્ન છે તે જ્ઞાનસ્વરૂપ ભગવાનમાં નિમગ્ન નથી. જ્ઞાનસ્વરૂપ ત્રિકાળ મોજૂદ વસ્તુમાં નિમગ્ન નથી ને શાસ્ત્રજ્ઞાનમાં નિમગ્ન છે





## .....આનંદના ઉભરા વહે,

તે મિથ્યાદૃષ્ટિ છે. તેવી રીતે વીતરાગસ્વરૂપમાં નિમગ્ન નથી ને દયા-દાન આદિ રાગમાં નિમગ્ન છે તે મિથ્યાદૃષ્ટિ છે.

આને સિદ્ધાંત કહેવાય. જેમાં જ્ઞાન જ ભર્યું છે એ જ્ઞાનસ્વરૂપી પ્રભુને જાણ્યો નહીં, જ્ઞાનની મૂળ ભૂમિ નજરમાં આવી નહીં, તો તે બધું જાણ્યાનું શું ફળ? ધારણામાં શાસ્ત્રજ્ઞાન ખૂબ કર્યાં પણ જ્ઞાનની અસલ ભૂમિ હાથ ન આવી તો જાણ્યાનું શું ફળ? અનેક યુક્તિ-ન્યાય કર્યાં, અનેક વિચારો કર્યાં, પણ જાણનારને જાણ્યો નહીં અર્થાત્ જ્ઞાનની અસલી ભૂમિ દૃષ્ટિગોચર ન થઈ તો એ બધું શાસ્ત્ર જાણ્યાનું શું ફળ? શાસ્ત્ર અભ્યાસનું પ્રયોજન તો જ્ઞાનસ્વરૂપ આત્માને જાણવો એ છે, એ ફળ તો આવ્યું નહીં ને શાસ્ત્રજ્ઞાનમાં રોકાઈ ગયો! રાગમાં રોકાય કે નિમિત્તમાં રોકાય એ તો મિથ્યાદૃષ્ટિ છે પણ શાસ્ત્રજ્ઞામાં રોકાય એ પણ મિથ્યાદૃષ્ટિ છે. આહાહા! શાસ્ત્ર અભ્યાસનું પ્રયોજન તો આત્માને જાણવો એ છે.

હોંગકોંગ નિવાસી શ્રી મધુકરભાઈ ચીમનલાલ ઝવેરીના સોનગઢના 'ૐ શાંતિ' બંગલાના વાસ્તુ પ્રસંગે પૂજ્ય ગુરુદેવશ્રીએ તેમના બંગલે પધારીને પ્રવચન આપતાં, તેની ખુશાલીમાં આત્મધર્મ જન્મજયંતી અંકના અધિક ખર્ચની પૂર્તિ માટે તેઓ તરફથી રૂ. ૨૫૦૧/-ભેટ આપવામાં આવ્યા છે.

જગ-વિભૂતિને ઠોકર મારનાર ગુરુદેવ જયવંત વર્તો.

આત્મવિભૂતિને વરનાર ગુરુદેવ જયવંત વર્તો. ૮૨



છાયા છવાયે શાંતિની....



# ક્રમબદ્ધપર્યાય: એક અનુશીલન

લે. ડો. હુકમચન્દ ભારિલ્લ, જયપુર
અનુ. બ્ર. વૃજલાલ ગિરધરલાલ શાહ, વઢવાણ શહેર





'ક્રમબદ્ધપર્યાય' આજે દિગમ્બર જૈન સમાજનો ખૂબ ચર્ચાતો વિષય છે. ભલે પક્ષમાં હોય કે વિરુધ્ધમાં-પણ એની ચર્ચા આજે તત્ત્વપ્રેમી સમાજમાં સર્વત્ર થતી જોવામાં આવે છે. જો કે પૂ. શ્રી કાનજીસ્વામીએ આ વિષય ઘણી જ ગંભીરતાથી રજુ કરીને અધ્યાત્મ જગતમાં એક ક્રાંતિનો શંખનાદ કરી દીધો છે અને આ મહત્ત્વપૂર્ણ વિષય સમાજમાં આજે ચર્ચાનો વિષય પણ બનેલો છે, તોપણ તેના ઊંડાણમાં જનાર વ્યક્તિઓ થોડી જ નજરે પડે છે. જૈનદર્શનના આ અનુપમ સંદર્ભ ઉપર જેટલા ઊંડાણથી મંથન કરાવું જોઈએ, તે દેખાતું નથી.

આ મહાન દાર્શનિક સિદ્ધાંતને નિરર્થક વાદ-વિવાદ અને સામાજિક, રાજનીતિનો વિષય બનાવી લેવામાં આવ્યો છે. આ એક શુદ્ધ દાર્શનિક વિષય છે. એને વાદ-વિવાદ અને ઠઠ્ઠા-મશ્કરીનો વિષય ન બનાવતાં એના ઉપર વિશુદ્ધ દાર્શનિક અને આધ્યાત્મિક દ્રષ્ટિકોણથી વિચાર કરાવો જોઈએ. જૈન દર્શન સાથે સંબદ્ધ હોવાથી અહીં આ વિષય ઉપર જૈનાગમના સંદર્ભમાં યુક્તિ અને ઉદાહરણ સહિત ચિંતન અપેક્ષિત છે.

'ક્રમબદ્ધપર્યાય' નો આશય એ છે કે આ પરિણમનશીલ જગતની પરિણમન-વ્યવસ્થા 'ક્રમનિયમિત' છે. જગતમાં



## .....તું શાંતમૂર્તે ! જ્યાં રહે;



જે કાંઈ પરિણમન નિરંતર થઈ રહ્યું છે, તે સર્વ એક નિશ્ચિત ક્રમમાં વ્યવસ્થિત રૂપે થઈ રહ્યું છે. સ્થૂળદૃષ્ટિએ જોતાં જે પરિણમન અવ્યવસ્થિત દેખાય છે, તેમાં પણ ઊંડાણથી વિચાર કરતાં એક સુવ્યવસ્થિત વ્યવસ્થા નજરે પડે છે. જેમ કે નાટકના રંગમંચ ઉપર જે દૃશ્ય વ્યવસ્થિત બતાવવામાં આવે છે, તે તો પહેલેથી નિશ્ચિત અને પૂર્વ વ્યવસ્થિત હોય જ છે; પરંતુ જે દૃશ્ય અવ્યવસ્થિત બતાવવામાં આવે છે, તે પણ પૂર્વ નિયોજિત અને પૂર્ણ વ્યવસ્થિત હોય છે.

એકદમ વ્યવસ્થિત બતાવવામાં આવતો કોઈ અમીરનો મહેલ જેમ પૂર્ણ નિયોજિત અને વ્યવસ્થિત હોય છો તેવી જ રીતે અવ્યવસ્થિત બતાવવામાં આવતી કોઈ ગરીબની ઝૂંપડી પણ અનિયોજિત અને અવ્યવસ્થિત નથી હોતી, પરંતુ તે ય પૂર્ણપણે નિયોજિત અને વ્યવસ્થિત પણ હોય છે. તેનો તૂટેલો ખાટલો અને ફાટેલા કપડા બતાવવા માટે પહેલાંથી જ સાજો ખાટલો તોડવો પડે છે અને સાજા કપડાં ફાડવાં પડે છે. ક્યાંક થાળી પડી છે, ક્યાંક લોટો—એ બતાવવા માટે વ્યવસ્થિતરૂપે એક નિશ્ચિત સ્થળે થાળી અને બીજા નિશ્ચિત સ્થળે લોટો મૂકવામાં આવે છે.

જેમ ઉક્ત અવ્યવસ્થિત દેખાનારી વ્યવસ્થા પણ પૂર્વ નિશ્ચિત અને વ્યવસ્થિત હોય છે, બરાબર તે જ પ્રમાણે સર્વ દ્રવ્યોનું અવ્યવસ્થિત જેવું દેખાતું પરિણમન પણ પૂર્ણ નિશ્ચિત અને વ્યવસ્થિત હોય છે.

પ્રત્યેક દ્રવ્યની તે પરિણમન-વ્યવસ્થા વ્યવસ્થિત જ નહિ

જ્ઞાનપોષક પૂજ્ય ગુરુદેવ જયવંત વર્તો. ૮૫.

સુખનિધિસત્ના વાયુ નિત્ય વહેવડાવનાર ગુરુદેવ જયવંત વર્તો. ૮૬



## અધ્યાત્મમૂર્તિ, શાંતમુદ્રા,...



પણ સ્વાધીનેય છે; કોઈ અન્ય દ્રવ્યને આધીન નથી. એક દ્રવ્યના પરિણમનમાં બીજા દ્રવ્યનો કાંઈ પણ હસ્તક્ષેપ નથી.

જેમ કે સર્વશ્રેષ્ઠ દિગમ્બર આચાર્ય શ્રી કુન્દકુન્દના પ્રસિદ્ધ ગ્રંથરાજ સમયસારની ગાથા ૩૦૮ થી ૩૧૧ સુધીની ટીકામાં શ્રી અમૃતચન્દ્ર આચાર્ય લખે છેઃ–

"પ્રથમ તો જીવ ક્રમનિયમિત (ક્રમબદ્ધ) એવા પોતાના પરિણામોથી ઉત્પન્ન થતો થકો જીવ જ છે, અજીવ નથી; એ જ રીતે અજીવ પણ ક્રમનિયમિત (ક્રમબદ્ધ) પોતાના પરિણામોથી ઉત્પન્ન થતું થકું અજીવ જ છે, જીવ નથી."

અહીં સર્વ જીવો અને અજીવોના પરિણમનને ક્રમ-નિયમિત અર્થાત્ ક્રમબદ્ધ કહેવામાં આવ્યું છે. જીવ અને અજીવ સિવાય જગતમાં બીજું છે જ શું? જીવ અને અજીવ દ્રવ્યોના સમૂહનું નામ જ વિશ્વ અર્થાત્ જગત છે. આ રીતે સમસ્ત જગતના પરિણમનને જ ક્રમનિયમિત અર્થાત્ ક્રમબદ્ધ કહેવામાં આવ્યું છે.

'ક્રમનિયમિત' અને 'ક્રમબદ્ધ' શબ્દ એકાર્થવાચી જ છે. જેમ કે જૈનતત્ત્વ મીમાંસામાં સ્પષ્ટ કરવામાં આવેલ છેઃ– "પ્રત્યેક કાર્ય પોતાના સ્વકાળે જ થાય છે, તેથી પ્રત્યેક દ્રવ્યની પર્યાયો ક્રમનિયમિત છે. એક પછી એક પોત-પોતાના સ્વકાળે નિશ્ચય ઉપાદાન અનુસાર થયા કરે છે. અહીં 'ક્રમ' શબ્દ પર્યાયોની ક્રમની અભિવ્યક્તિ બતાવવા માટે સ્વીકારેલ છે અને 'નિયમિત' શબ્દ પ્રત્યેક પર્યાયનો સ્વકાળ પોત-પોતાના નિશ્ચય ઉપાદાન અનુસાર નિયમિત છે—એ બતાવવા માટે આપવામાં

નિશ્ચય-વ્યવહારનું સમ્યક્ સ્વરૂપ દર્શાવનાર ગુરુદેવ જયવંત વર્તો. ૮૭

ઉપાદાન-નિમિત્તની મર્યાદા સમજાવનાર ગુરુદેવ જયવંત વર્તો. ૮૮



## .....જ્ઞાનનો અવતાર તું,



આવેલ છે. વર્તમાન કાળે જે અર્થ ‘ક્રમબદ્ધપર્યાય’ શબ્દ દ્વારા વ્યક્ત કરવામાં આવે છે, તે જ અર્થ ‘ક્રમનિયમિતપર્યાય’ નો છે.”[1]

ધ્યાન દેવા યોગ્ય વાત એ છે કે અહીં માત્ર એમ નથી કહેવામાં આવ્યું કે પર્યાયો ક્રમે થાય છે, પરંતુ એમ પણ કહેવામાં આવ્યું છે કે તે નિયમિત ક્રમમાં થાય છે. આશય એ છે કે “જે દ્રવ્યની, જે પર્યાય, જે કાળે, જે નિમિત્ત અને જે પુરુષાર્થપૂર્વક, જેવી થવાની છે; તે દ્રવ્યની, તે પર્યાય, તે જ કાળે, તે જ નિમિત્તે અને તે જ પુરુષાર્થપૂર્વક, તેવી જ થાય છે; અન્યથા નહિ” –એ નિયમ છે.

**જેમ કે કાર્તિકેયાનુપ્રેક્ષામાં કહેવામાં આવ્યું છેઃ-**

“જે જીવને, જે દેશમાં, જે કાળે, જે વિધાનથી, જે જન્મ અથવા મરણ જિનદેવે નિયતરૂપે જાણ્યું છે; તે જીવને, તે જ દેશમાં, તે જ કાળે, તે જ વિધાનથી, તે અવશ્ય થાય છે. તેને ઇન્દ્ર અથવા જિનેન્દ્ર કોણ ટાળવા સમર્થ છે? અર્થાત્ તેને કોઈ ટાળી શકતું નથી.

આ રીતે નિશ્ચયથી જે દ્રવ્યોને અને તેમની સમસ્ત પર્યાયોને જાણે છે તે સમ્યગ્દષ્ટિ છે; અને જે તેમાં શંકા કરે છે તે મિથ્યાદૃષ્ટિ છે.” (૩૨૧–૩૨૨–૩૨૩). (ક્રમશઃ)

૧. જૈનતત્ત્વ મીમાંસા, બીજી આવૃત્તિ, પુષ્ઠ ૨૬૮.

## ઓ કહાનદેવ દેવેન્દ્ર ! વ્હાલા,..

### સમાચાર—

રાજકોટ, મોરબી, જામનગર ને વાંકાનેરની અધ્યાત્મપ્રેમી જનતાને અધ્યાત્મ-અમૃતનું પાન કરાવીને પૂજ્ય ગુરુદેવશ્રી તા. ૧૪-૪-૭૯ ના રોજ મુંબઈ પધાર્યા છે. તેઓશ્રી સુખશાતામાં બિરાજી રહ્યા છે. તા. ૧૪-૪-૭૯ થી તા. ૨૯-૪-૭૯ સુધી મુંબઈના પ્રાંગણમાં પૂજ્યશ્રીનાં અધ્યાત્મમસ્તી ભર્યા પ્રવચનો થશે. ત્યાર બાદ તા. ૩૦-૪-૭૯ થી તા. ૬-૫-૭૯ સુધી પૂજ્ય ગુરુદેવશ્રી ભાવનગર બિરાજશે ને તા. ૭-૫-૭૯ ના રોજ સોનગઢ પધારશે.

**મોરબીઃ-** ચૈત્ર વદ ૨ ના રોજ મહાવીર ભગવાનના જિનમંદિરની રજતજયંતીના દિને પૂજ્ય ગુરુદેવશ્રીની પાવન પધરામણી થતાં સ્વાગત તેમજ મહાવીર ભગવાનની ભવ્ય રથયાત્રા રાખવામાં આવી હતી તથા માંગલિક બાદ રજતજયંતી મહોત્સવ નિમિત્તે સંઘ તરફથી 'બહેનશ્રીનાં વચનામૃત' ની પ્રભાવના કરવામાં આવી હતી. આ મહોત્સવની ખુશાલીમાં તા. ૨૯-૩-૭૯ થી તા. ૨-૪-૭૯ સુધી સ્વ. હંસરાજ ભગવાનજી દોશીના ધર્મપત્નિ મણીબેન તરફથી શાસ્ત્રોનું વેચાણ અડધી કિંમતે રાખવામાં આવ્યું હતું. તેમજ રાષ્ટ્રીય શાળાના શિક્ષકોને તથા દરેક વિદ્યાર્થીઓને તેમના તરફથી 'બહેનશ્રીનાં વચનામૃત' ભેટ આપવામાં આવેલ હતા. સ્વ. સમરતબેન હરખચંદ પોપટભાઈ તરફથી આત્મધર્મનું વાર્ષિક લવાજમ રૂા. ૬/-ને બદલે રૂા. ૩/-કરવામાં આવ્યું હતું.

**જામનગરઃ-** શ્રી કુંદકુંદ-આચાર્યદેવના ચરણચિહ્નની

## .....ગુણ તારા શું કથું ?

સ્થાપના પૂજ્ય ગુરુદેવશ્રીના મંગલ હસ્તે શ્રી ઉમેદરાય ખીમચંદ વસા તરફથી તા. ૮–૪–૭૯ના રોજ કરવામાં આવી હતી, આ માંગલિક પ્રસંગ નિમિત્તે તેમના તરફથી ત્રણ દિવસ માટે મુનિઓની ૬૪ ઋદ્ધિ મંડલ વિધાન પૂજા રાખવામાં આવી હતી. સ્વ. વીરજીભાઈ તારાચંદ વારિયાના પરિવાર તરફથી પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિ દરમ્યાન તા. ૩–૪–૭૯ થી તા. ૮–૪–૭૯ સુધી શાસ્ત્રોનું વેચાણ અડધી કિંમતે રાખવામાં આવ્યું હતું તથા 'બહેનશ્રીનાં વચનામૃત' ની પ્રભાવના કરવામાં આવી હતી.

વાંકાનેરઃ– ચૈત્ર સુદ તેરસના રોજ વર્દ્ધમાનસ્વામી જિનમંદિરનો રજતજયંતી દિન ઉલ્લાસ પૂર્વક ઉજવાવામાં આવ્યો હતો. તે દિવસે ભગવાનની રથયાત્રા રાખવામાં આવી હતી તથા પ્રવચન બાદ 'બહેનશ્રીનાં વચનામૃત' ની પ્રભાવના કરવામાં આવી હતી અને રાત્રે 'સાધના–ભૂમિ' માં ભક્તિ રાખવામાં આવી હતી.

સોનગઢઃ– વાંકાનેરનો એક દિવસ ઓછો કરીને તા. ૧૩–૪–૭૯ના રોજ જીવરાજજી મહારાજને બિમારીના કારણે દર્શન કરાવવા પૂજ્ય ગુરુદેવશ્રી સોનગઢ પધારતાં અહીંના મુમુક્ષુઓને પૂજ્યશ્રીના દર્શનનો લાભ મળ્યો હતો. તા. ૧૪–૪–૭૯ના અત્રેથી મંગલ પ્રસ્થાન કરીને પૂજ્ય ગુરુદેવ મુંબઈ પધાર્યા હતા.

**સૂચનાઃ–** ઇલેકટ્રીક પાવરની અનિયમિતતાના કારણે આ અંક ૨૧મીના બદલે મોડો પ્રગટ થઈ શકયો છે.

## ઘરે બેઠા પ્રવચન

બહારગામ વસતા મુમુક્ષુઓને ઘરે બેઠા પૂજ્ય ગુરુદેવશ્રીનાં અધ્યાત્મમસ્તી ભર્યા પ્રવચનો સાંભળવા મળે તે માટે પ્રવચનોની ટેપની નકલ મોકલવામાં આવે છે. 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં ૧૮૧ અલૌકિક પ્રવચનો હાલમાં થયા તેની ટેપ-નકલ તૈયાર કરવામાં આવી છે. જે મુમુક્ષુઓને પ્રવચનોની ટેપ સાંભળવા જોઈતી હોય તેમણે નીચેના સરનામે મંગાવવી, આ યોજનમાં કેસેટની વ્યવસ્થા નથી, માત્ર સ્પૂલ ટાઈપ રીલની જ વ્યવસ્થા છે.

ઘરે બેઠા પ્રવચન યોજના
C/o. શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ ( સોરાષ્ટ્ર ) Pin-364250

## આત્મધર્મ માસિક-પત્ર સંબંધી માહિતી

પ્રકાશન સ્થાન-શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ.
પ્રકાશન તારીખ-દરેક માસની પહેલી તારીખ.
પ્રકાશક-શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ. સોનગઢ.
મુદ્રક—મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ.
સંપાદક-નાગરદાસ બેચરદાસ મોદી, સોનગઢ.
તંત્રી-પુરુષોત્તમ શિવલાલ કામદાર, ભાવનગર.
રાષ્ટ્રીયતા-ભારતીય.
માલિક-શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ.
-વ્યવસ્થાપક ( -મેનેજર )

તા. ૧-૫-૭૯ શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ



# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

૧. જેમના હૃદયમાં અનુભવનો સત્ય સૂર્ય પ્રકાશિત થયો છે અને સુબુદ્ધિરૂપ કિરણો ફેલાઈને મિથ્યાત્વનો અંધકાર નષ્ટ કરે છે; જેમને સાચા શ્રદ્ધાનમાં રાગ-દ્વેષ સાથે સંબંધ નથી, સમતા પ્રત્યે જેમને પ્રેમ અને મમતા પ્રત્યે દ્વેષ છે; જેમની દૃષ્ટિ માત્રથી મોક્ષમાર્ગ સધાય છે અને જે કાયકલેશ આદિ વિના મન આદિ યોગોનો નિગ્રહ કરે છે, તે સમ્યગ્જ્ઞાની જીવોને વિષય-ભોગ પણ સમાધિ છે, હાલવું-ચાલવું એ યોગ અથવા આસન છે અને બોલવું-ચાલવું એ જ મૌનવ્રત છે.

( -શ્રી સમયસાર નાટક, નિર્જરા દ્વાર, શ્લોક-૨૯. )

૨. કઠિન પરિશ્રમ કરીને યત્નથી કરવામાં આવેલા સંસારના બધાં કાર્યો, પાણીમાં માટીની પૂતળીની જેમ, ક્ષણભરમાં બિલકુલ નાશ થઈ જાય છે. જ્યારે આમ છે ત્યારે હે મૂર્ખ! ઘણાં ખેદની વાત છે કે એ સાંસારીક કાર્યની જ શા માટે પ્રવૃત્તિ કરવામાં આવે છે? બુદ્ધિમાન પ્રાણી ખાલી નિરર્થક પરિશ્રમ કરાવનારા કાર્યમાં ક્યારેય પણ નિશ્ચયથી વ્યાપાર કરતા નથી. ( —શ્રી અમિતગતિ આચાર્ય, તત્ત્વભાવના, શ્લોક-૮૦ )

૩. હે જીવ! આત્મકલ્યાણને અર્થે કંઈક યત્ન કર! કર! કેમ શઠ થઈ પ્રમાદી બની રહે છે? જ્યારે એ કાળ પોતાની તીવ્ર ગતિથી આવી પહોંચશે ત્યારે યત્ન કરવા છતાં પણ તે રોકાશે નહિ-એમ તું નિશ્ચય સમજ. ક્યારે, ક્યાંથી અને કેવી રીતે એ કાળ અચાનક આવી ચડશે તેની પણ કોઈને ખબર નથી. એ દુષ્ટ યમરાજ જીવને કાંઈ પણ સૂચના પહોંચાડયા સિવાય એકાએક હુમલો કરે છે તેનો તો કાંઈક ખ્યાલ કર! કાળની અપ્રહત અરોક ગતિ આગળ મંત્ર, તંત્ર અને ઔષધાદિ સર્વ સાધન વ્યર્થ છે.

( —શ્રી ગુણભદ્ર આચાર્ય-આત્માનુશાસન, શ્લોક-૭૮ )



પૂજ્ય ગુરુદેવશ્રીની ૯૦ મી જન્મજયંતીના આ માંગલિક પ્રસંગે હૃદયમાં અનેકવિધ ઊર્મિઓ જાગે છે પણ તે કઈ વિધિથી વ્યક્ત કરીયે? ક્ષીરસાગરના નીરથી અભિષેક કરીએ કે કલ્પવૃક્ષનાં ફળથી પૂજન કરીએ કે મણિરત્નના દીવાથી આરતી ઉતારીએ તોપણ એ ભાવના તૃપ્ત થાય એમ નથી. પરમોપકારી પૂજ્ય ગુરુદેવ પ્રત્યેની ભક્તિભાવના ત્યારે તૃપ્ત થશે કે જ્યારે આત્મિક સામગ્રીથી ગુરુદેવનું પૂજન કરીએ. આવું પૂજન કરવાનું સામર્થ્ય આપણને પ્રાપ્ત થાય ત્યાં સુધી પરમકૃપાળુ ગુરુદેવ આપણું કાંડું ન છોડે અને સદા સર્વદા એમના પડખે જ રાખે એવી નમ્ર અને દીન યાચનાપૂર્વક કૃપાસિંધુ ગુરુદેવને કોટિ કોટિ વંદન.

વીર સં. ૨૫૦૫, મે (૪૨૭) વર્ષ ૩૫: અંક ૧૮

તંત્રી : પુરુષોત્તમદાસ શીવલાલ કામદાર પ્રત: ૪૧૫૦
પ્રકાશક: શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ PIN: 364250
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ (સૌરાષ્ટ્ર)